P.O. Box 1, Athlone, Cape

Telephones: 67-7190 67-7240, A/Hours: 43-6472

શક્તિના પ્રતીકરૂપે કંકુના સાત ચાંલ્લા કરી, ઘીમાં બોળેલું રૂનું પુમડું દબાવી સાત ધારા કરવામાં આવે છે. વચમાંની ચોથી ધારા ઉપર થોડોક ગોળ ચોંટાડી રૂપાનાણું (ચૈત્યમુદ્રા) ચોંટાડવામાં આવે છે. ઘી-ગોળ એટલે સદ્‌વૃત્તિઓ પ્રત્યે પ્રેમ અને મધુરતા. કુળ-દેવતા એટલે આપણે જે કુળમાં ઉત્પન્ન થયા તે પિતૃઓનું સ્મરણ. આપણી સંસ્કૃતિ અને ધર્મના રક્ષક, પૂજક અને પોષક. એ કુળદેવતાના પ્રતીકરૂપે માટીના માટલા મૂકી તેમાં સેવ-પાપડ-વડી સોપારી, રૂપાનાણું મૂકવામાં આવે છે. તે ઉપર શ્રીફળ (નાળિયેર) અને દીવો મૂકી કપડું ઢાંકવામાં આવે છે. આ સ્થળે કુળના માતા-પિતા-દાદાના ફોટા પણ મૂકી શકાય અને તે દરેક-ને પુષ્પહાર, ચંદન કંકુ અર્પણ કરી, વંદન કરી તેમના પ્રત્યેનો પ્રેમ-આદર-ઋણ સાર્થક કરી શકાય. આમ કરવાથી આપણાં સર્જક પોષક અને રક્ષક કોણ હતાં તેનો આબેહૂબ ખ્યાલ આવી શકે છે.

પોતાનાં માતા-પિતા (કુળદેવતા)નું સ્મરણ કરી તેમના પ્રત્યે માન-આદર-પ્રેમ વ્યક્ત કરવામાં આવે છે અને માયમાટલા માંડવા અથવા 'માયદેવ' માંડવા એમ કહેવામા આવે છે. અને એ રીતે લગ્નપ્રસંગે પોતાના માતા-પિતાનું (કુળદેવતા) સતત્ સ્મરણ વંદન-પૂજન અને આશીર્વાદની યાચના ઈચ્છી તેમના શુભપંથે ચાલવાની પ્રેરણા મેળવવામાં આવે છે.




# FARGO TRADING CO.

**General Wholesale Produce Merchants & Direct Importers**

*Wish all a Happy Diwali and Prosperous New Year*



8 GOLDSMITH ROAD, SALT RIVER

PHONE 55-4095

Diwali Greetings
from
**H. B. GOVAN & FAMILY**
of

# Salon Harry

**LADIES & GENTS HAIR STYLIST**

38 Dorp Street
Cape Town
22-1982

42 Portland Road
Salt River
55-8970

PAINLESS EAR-PIERCING SERVICE AVAILABLE



Diwali
Greetings



FROM

**RAINBOW SHOE REPAIRS &
REMBRANDT SHOE REPAIRS**

**35 EPPING AVENUE, ELSIES RIVER**

**HEMENDRAKUMAR, MANOJKUMAR, DEEPAK &
SADHNA DALPATBHAI PRAG**

36 RAJAH ROAD, CRAVENBY — PHONE 98-9378

**CAMPWELL HARDWARE**

BUILDERS & PLUMBERS MERCHANTS



| Branches: | Phone: |
|---|---|
| Elsies River | 98-9575, 98-3519 |
| Grassy Park | 72-8887 |
| Athlone | 67-5993 |

## THREE QUESTIONS COMMONLY ASKED

*— Magan Ambaram*

Of all the questions asked especially from Western friends, the following three were most frequent.

**ORIGIN OF DIPAVALI:** Folk literature gives various explanations about the origin of Dipavali. According to one notion, Vishnu specifically gave this festival to the Vaisya or trading community, when the merchants were expected to worship Lakshmi. The second idea claims Dipavali as the day when Bali, the demon king, was deprived of his empire by Vishnu in the form of Vamana. In Maharashtra and Uttar Pradesh, the rice flour or cowdung effigies of Bali are worshipped by womenfolk who repeat the incantation: "May all evil disappear and may Raja Bali's empire be restored". According to the third story, on the 14th day of the month of Asvina, Lord Krishna killed the demon Navakasura. On this day, also known as Rupachaturdasi, people take a ceremonial bath, wear new clothes, enjoy dainties with friends, in celebration of Krishna's victory over the demon.

The fourth explanation gives a variation of Lakshmi worship in which the Bengalis install in their houses clay images of the fierce Kali who is equated with Lakshmi, Saraswati and the feminine principle of procreation. The fifth idea connects the festival with the crowning of Vikramaditya and the beginning of the Gupta era. In the sixth, it is asserted that after his return from Lanka, Rama was crowned on this day.

**THE DANCE OF SHIVA:** (NATARAJA: THE COSMIC DANCE) The dance of Shiva represents the images of a dynamic God, the creator, the destroyer and preserver of the universe, the one who holds the balance of the world.

The story is told that, in the forest of Taragam, lived many materialistic heretics. The God Shiva descended upon the jungle to argue with them, accompanied by the God Vishnu, disguised as a beautiful woman, and the devotee Ati Seshan. The heretics were busy arguing among themselves. As they saw Shiva, they directed their anger against this enemy of their faith, and tried to destroy him. They created a tiger from the sacrificial fires, and let it loose upon the God. Shiva smiled gently, seized it and, with the nail of his little finger, stripped it of its skin, and wrapped it around himself. Thus the God gathered around him the tiger fury of mankind.

The heretics then threw a terrible serpent on Him. Shiva seized the snake at the tail and wrapped it like a garland around his neck. In this way he wreathed around him the snake cunning of the universe. Then the God began to dance.

But there rushed upon him a monster, in the shape of a malignant dwarf, called Mulayaka. The God Shiva pressed the tip of his toe upon the dwarf and broke his back, so that the creature writhed upon the ground, thus Shiva destroyed the evil of mankind. His last foe crushed, Shiva resumed his cosmic dance in the circle of fire by which he maintains the balance of existence.

**NIRVANA:** (SANSKRIT — BLOWING OUT) It is a process of religious enlightment and of divesting oneself of the illusions of the sensory world and constantly rising to a higher conception of an ideal world. It is a steady process of dropping off of errors arising from the finite "discriminating mind" such as the habitual and ingrained notion of the ego and the individuality of things. It is the reaching of that unconditioned, infinite world. It is also interpreted as the complete extinction of individuality, without loss of consciousness. It is also invariably defined as a condition in which all pain, suffering, mental anguish and above all Samsara (endless cycle of manifestation) have ceased. It is doubtful that complete extinction of life and consciousness or absolute annihilation is meant.

### MEDITATION ON 'THE THREE MONKEYS'

*Before the EYES can see,*
*They must be incapable of tears.*

*Before the EAR can hear*
*It must have lost it's sensitiveness.*

*Before the VOICE can speak, in the presence of 'The Masters'*
*It must have lost the Power to wound.*

**Best Wishes for Diwali**

**and the New Year**

from

**Mrs. MANIBHEN L. NAVSARIA and FAMILY**

32 SHAANTI CRESCENT GATESVILLE Phone: 67-7233

*Wish all a Happy Diwali and*

*A Properous New Year*



from

Mr. & Mrs. S. N. RAMA

*Best Wishes for Diwali*



from

**MOTIRAM RANCHOD**

**21 CARNIE ROAD** **RYLANDS ESTATE**

# આદર્શ માતા

લેખિકા : ઈંદિરાબહેન લક્ષ્મીદાસ રજપૂત (ડરબન)

અંગ્રેજીમાં કહેવાય છે કે 'THE HAND THAT ROCKS THE CRADLE SHAKES THE WORLD' વાક્યમાં તથ્ય ઘણું છે, પરંતુ એવી ભવ્ય ભાવના આજના જમાનામાં ભાગ્યેજ જોવા મળે છે. પશ્ચિમની પ્રજામાં તો યુગોથી સ્વાર્થરૂપી મમતાનું પ્રદર્શન થઈ રહ્યુ છે. પરંતુ ભારતની માતાના જીવન પલટાએ આખા બ્રહ્માંડને હચમચાવી દીધુ છે. ભારત દેશમાં માતાઓને દેવનુ સ્વરૂપ ગણી, તેના ચરણે ચારે તીરથનું મહત્વ જોડાયું છે. ત્યાં આજે મમતાનો સ્વાંગ સર્જીતસ્વાર્થની દેવીનાં દર્શન થઈ રહ્યા છે.

આદર્શમાતા એવી હોય કે જે બાળકો અને પતિના લાભહાનિમાં પોતાની જીંદગીની બલિ ચઢાવી, પોતે ધૂપસળીની જેમ બળી રાખ થઈ ફક્ત સુવાસ જ ફેલાવી મૂકે. તેથી ઊલટુ, આજે આપણે એક અસંતોષની ભડકતી આગ પ્રગટાવી, પોતાને અને પરિવારને ભસ્મ કરી, કાળી મેશથી ભરેલા ધુમાડાનાં ગોટેગોટા ઉડાડી મૂક્યા છે.

પચરંગી પ્રજાના સહવાસથી ભારતી નારીની ઉપર આધુનિકતાનો જબરદસ્ત પ્રહાર પડ્યો છે, પણ શું, તમારી સંસ્કૃતિ, તમારા સદ્‌ગુણો, તમારી માતાની અમૂલ્ય બલિ એટલી કમજોર અને સસ્તી હતી, જે એક તમાશો બની, ભરી બજારમાં તમારા આદર્શોને કચરી ગઈ ?

અગત્યના કાર્યને મહત્વ ન આપતાં આપણે, સ્વતંત્રા! સ્વતંત્રા! ની પોકાર કરી પુરૂષોના હારે આવવા જંગ ઊભો કર્યો છે, જેમા આપણે સ્વચ્છંદી થઈ શરમ અને આદર્શ બાળી રહ્યા છીએ. જે પુરૂષના તોલે આવવા આપણે મથી રહ્યા છીએ, તેને પેદા કરનાર કોણ? તેને હાલરડા ગાઈને પ્રેમથી ઉછેરનાર કોણ? ભાઈને હરખુશી અને જીવનદાન બક્ષી, રાખી બાંધનાર કોણ? પત્ની બની તેને જીવનરૂપી નૌકા હાંકવાને સાથીદાર કોણ? સ્ત્રી, યાને માતા, બહેન અથવા પત્ની, શુ એ ત્રણે રૂપમાં સ્ત્રી મહાન નથી?

બાળકો અને પતિ જ્યારે થાકેલા પાકેલા ઘેરે આવે છે, ત્યારે આપણને વિસામો સમજી આખા દિવસની લયમાંથી છુટવા માંગે છે. બાળકો આપણુ હસ્તુ મોઢુ જોઈને રમત ત્યાગી આપણા ખોળામાં ઝંપલાવી મૂકે છે, શું એ આપણને મહાન નથી ગણતા? ત્યારે આપણે, તુચ્છ હકીકતોથી તેઓને પરેશાન કરીએ છીએ. સહેલીની તારી મારી અથવા નવી ફેશન કે સિનેમાના કોઈ લફરા ઉભા કરીને જીવન કંટાળા ભર્યુ કરી મૂકીએ છીએ. બાળકોની ફરિયાદોને પણ કાને ન ધરતા નાની સૂની ગણી બિચારાને આકુળવ્યાકુળ કરી નાખીએ છીએ. બે ત્રણ વાર એવુ આપણું વર્તન જોઈને તેઓ આપમેળેજ તેઓની મુશ્કેલીઓ ટાળવા આડાઅવડા રસ્તા ઉભા કરશે, પરિણામે જ્યારે ૧૬-૧૭ વર્ષના થાય ત્યારે તે લોકોની ઉદ્ધતાઈને આપણે "JUVENILE DELINQUENCY" અથવા "GENERATION GAP"ના ફેશનબલ નામ આપી, બીજી સંસ્થાઓ ખોલી કોયડાનો નીકાલ લાવવા મથીએ છીએ, અને જુવાની પણ બાળપણની જેમ ગુમાવવા ધકેલીએ છીએ, અંતે કેદની દિવાલો પાછળ અથવા ફાંસીને માચડે ચઢાવી તેઓને બરબાદ કરીએ છીએ. એ બધી કોની ઉભી કરેલી ભાંજગડો છે? પતિની કે નિર્દોષ બાળકોની? દીકરીઓનો દાખલો લો, તેઓને પણ સ્કુલમાં પણ નાની મોટી ઉલજનો સાથે ભેટો થાય છે, અને એ કદાચ માની પાસે મન હાલવવાનો વિચાર પણ કરતી હોય, પણ જ્યારે એ ઘેરે આવે ત્યારે આપણે કોઈ મહાન સંતના સત્સંગમાં ગયા હોય- એ નહિતો કોઈ સહેલી સાથે ફરો જવાની ધાડ પડી હોય, એવુ



# "Get insurance at Barclays? I thought Barclays was a bank?"

Money is our business, and insurance most definitely is a money matter.

So we have an expert insurance division too. They are known as Barclays Insurance Brokers and operate through all our branch managers.

Barclays Insurance Brokers handle every type of insurance you can think of — and some you may not have thought of.

They will help you work out what you need, what you can afford.

Their advice is free.

Experience could cost you a lot more.

Ask your Barclays manager.



Isn't it good to have a little professional help.

BARCLAYS

(Registered Commercial Bank)

વાતાવરણ ઊભું કરીને શું આપણે એના મનની વ્યાકુળતા નથી વધારી દેતા ? તેવામાં વળી કોઈ પુરુષ અથવા કોઈ જુવાન સહાનુભૂતિ દર્શાવે ત્યારે આપણે એકદમ ડઘાઈ જઈને જેમ ફાવે તેમ વર્તાવ કરીએ છીએ. શું એ આદર્શ માતાના ગુણો છે ? આપણા સારા નબળા કર્તવ્ય પરતો આખું વિશ્વ ઊભું રહ્યું છે. આટલો મોટો દરજ્જો છે. આપણા શાસ્ત્રમાં આપણને ભગવાનનું સ્વરૂપ ગણી અવિચળ પદવી સ્વયં ભગવાને અર્પી છે. તો આપણે મામૂલી પુરુષના તોલે આવીને શું કરવાના. જ્યારે આપણેજ બાળકોના પતિના, ગામના અને અંતે સમસ્ત વિશ્વના એક આદર્શરૂપી માતા તરીકે સરજનહાર છીએ !

---

## ભારતના સ્ત્રી રત્નો

૧. ભારતમાં પ્રથમ સ્ત્રી બેરિસ્ટર બનવાનું બહુમાન કુમારી કોર્નલીયાને ફાળે જાય છે.

૨. કોંગ્રેસ મહાસભાનાં પહેલાં પ્રમુખ સરોજિની નાયડુ હતાં.

3. સૌ પ્રથમ વિમાન ચલાવનાર પાયલોટનું લાયસન્સ મેળવનાર કુમારી ગીતાં ચંદા હતા.

૪. મુંબઈ રાજ્યમાં પ્રથમ મહિલા કલેક્ટર થનારાં રશ્મિબહેન પારેખ હતાં.

૫. દુનિયાની મહાસત્તા ધરાવતી સર્વોચ્ચ સંસ્થા યુનોના પ્રમુખ બનનાર પ્રથમ મહિલા અને ભારતમાં પ્રથમ ગવર્નર અને પ્રધાન-પદ મેળવનાર શ્રીમતી વિજ્યા-લક્ષ્મી પંડિત હતા.

૬. લંડન જઈ પ્રથમ સ્ત્રી ડૉક્ટર થનાર રૂકમાબાઈ પારસી સુરતનાં હતાં.

# સાચી વ્યાખ્યા

ઉમિયાશંકર જોખાકર
'દીપક' ઇન્ડોનેશિયા

---

નહિ જ્ઞાની ગણાયે તે, ધરમનો બોધ કૈં દેતાં,
જીવનમાં આચરી જાણે, બલિદાન દેહનાં કરતાં. -૧

નથી બનતો કદી શાયર, બીજાની કૉપીઓ કરતાં,
વિચારી, ગોઠવી જાણે, લીટીના અર્થ જ્યાં મળતાં. -૨

અધિકારી નથી બનતો, ભપકદાર ખુરશી મળતાં,
સેવાભાવ સદા જાગે, દિલે જે નમ્રતા ધરતાં. -૩

નથી મેમ્બર કહેવાતા, મેમ્બર ફી ભરી દેતાં,
હૃદયથી ભોગ આપીને, સમાજ સેવા કૈં કરતા. -૪

વેપારી નથી બનતો, દુકાને માલ કંઈ ભરતાં,
વધારે આબરૂ હિંમત, નફો-નુકસાન દિલે ધરતાં. -૫

નહિ ડાક્ટર કહેવાતા, દવાની બાટલી ભરતાં,
દયાળુ દિલડું રાખી, જગતનાં રોગ જે હરતા. -૬

વકીલો તે નથી બનતાં, અસીલો પાયમાલ થાતાં,
મળે જો ન્યાય સાચાંને, નહિ ઠોકર કદી ખાતાં. -૭

નથી 'દીપક' કદી બનતો, એક દીવાસળી જલતાં,
જીવનને જે જલાવી દઈ, ડરે નહિ પ્રાણ પાથરતાં. -૮



# CHRIST IN INDIA

*— Amlabhen Ketkar*

**"Krishna . . . . .** "Listen to this great secret, — although I am above Birth and re-birth, or Law; being the Lord of All there is, — for all emanateth from me, still, do I will to appear in my own universe, and am therefore born by My Power, and Thought, and Will.

Knoweth thou this, O Prince, that whenever the world declineth in virtue and righteousness, and vice and injustice mount the Throne, then, cometh I, the Lord, and re-visit my world in visible form and mingleth as a man, with men, — and by my influence and teachings, do I destroy the evil and injustice, and re-establish virtue and righteousness; many times I have thus appeared; many times hereafter shall I come again."

*(Quote: The Bhagavad Gita. Chapter: 'Spiritual Knowledge' Translation: Yogi Ramacharaka)*

In Shrinigar, Kashmir, lies what is claimed to be the 'Tomb of Jesus — the Christian Christ'. I saw this tomb of Christ when I visited Kashmir the first time, shortly after my arrival in India during the year 1949; since then during 25 years spent in India I made a special research into 'The Life of Issa (Jesus) in India, and a most fascinating study it has made!

It must be kept in mind that although the Christian Bible goes into great detail regarding the history of Jesus — both before and immediately after his birth, and again when he commenced his ministry after the age of 30 years — there is complete silence regarding the years in between, which some church writers say covers a period of 16 years.

Many travellers to India in past ages have referred to this Tomb of Christ in Kashmir, as also the striking similarity in features, and mannerisms of the Kashmiris to the Jewish people and also the fact that the Kashmiri language contains many Hebrew words, expressions and idioms. At the turn of the present century, a Russian traveller by the name of 'Notovitch' travelling through Ladakh came across manuscripts in the Himis Lamasery, pertaining to the Life of 'Issa' — his coming to India to study while in his 13th year — his eventual return to Israel, crucifixion (which He survived), His subsequent return to India and setting up an Ashram in Kashmir.

In the year 1929 — Dr Spencer Lewis, the then head of the Rosicrusian Order in the U.S.A. published his book, "The Mystical Life of Christ" — the result of extensive research made by himself together with a large group of men and women from all over the U.S.A. — a journey which took them through Palestine, Egypt, Italy, Turkey, Greece, Switzerland, France, Germany and England — however they did not include India — the book only deals with the life of Christ up to his crucifixion and his survival — even so, it does confirm the claim of the Notovitch publication up to that point.

During my research, a Parsi lady friend of mine in Delhi sent me an extract of a translation of the writings of a very ancient Indian Yogi sect — the 'Gorak-Nath-Pantas'. This sect claim that Christ was one of the founders of their order — one paragraph was most interesting and I quote it here . . . "The Great Chetan-Nath, being in deep meditation in the Himalayas, became aware that Issa was being crucified — and making his body lighter than air, travelled to the land of the Israelites, broke his 'samadhi' and together they travelled back to India where Issa set up an Ashram in the foothills of the Himalayas. Just outside the town of Srinigar are the ruins known to the inhabitants as 'Issa-Vihar' — at another place nearby is 'Issa Marg'.

A few years after the Notovitch publication, Swami Abhedenanda of the Ramakrishna Mission, and a co-desciple with Vivikananda, also made a pilgrimage through Kashmir, Srinagar, into Ladakh, following all the traces of claims to Christ (Issa) having been in India. In his publication written in Bengali, he also made extracts from the same manuscripts that Notovitch had done before him.

Since this time, several publications from a variety of writers have been published, and nearly every December, the Bombay and other newspapers publish articles pertaining to Christ's Life in India. Finally, Mr G V Ketkar, the then Editor of the Kesari in Poona persuaded me that I must go to Kashmir and Ladakh and see for myself the creditability of all these articles and books, so together with a grant towards my expenses from the Birlas in Delhi, I left. Arriving in Kashmir I was helped by friends as well as by the then editor of a Moslem newspaper 'Roshni'. Amongst other interesting finds, there is a half defaced inscription on the walls flanking the narrow steps to the 'Shankaracharia Temple' (now called the 'Tukt-i-Suliman') at the top of the hill, a complete translation of the now partly effaced inscription reads — 'In this year Issa received the Prophethood' . . . 'Issa is Prophet of the Israelites'.

Arriving in Ladakh, as a guest of H.Holiness Kushok Bukola, I had the privilege of help from the Lama Geishas Ishe Tundup, second only to H.Holiness, also a very good interpreter, a Mr Stobdan, and together we visited the Himis Lamasery where the Notovitch Manuscripts definitely do exist. Before leaving, I was taken round the Lamasery, finally being shown their prayer-hall, then inviting me to go behind the great statue of the Buddha. I entered what could be called a 'Sacristy' where the effegies of their past Head Lamas were all kept. Immediately facing me was a life-size image of the 'Maitreya Buddha to come' He was seated in an armchair, hands on the arms of the chair, in a position of getting up — rising! Turning to my interpreter I asked whether this image meant — as the writer L Adams Beck claimed, that He would be a man of the West? They all smiled, "Oh no" my guide replied, "This image symbolises that we feel that He is due now — for all we know He may be already born — but where, to what race, we do not know.

And so, my investigation now complete, after a few more days, I returned to India.

Many times since, when feeling depressed at all the terrible things happening in the world today, that vision returns of the Maitreya Buddha rising from his seat, and through my mind runs the words of the Bhagavad Gita, with its message . . . "Whenever the world declineth in virtue . . . then come I, the Lord . . . "



35 PARK ROAD
WYNBERG. 7800.
CAPE TOWN.
PHONE 77-2321



dharmic samelan
(CAPE TOWN)
EXTEND HEARTY DIWALI GREETINGS AND A PROSPEROUS & HARMONIOUS NEW YEAR



# રસોડામાં.......

(જુદી જુદી વાનગીઓ)

## લીલા કોપરાની પેટીસ

પદમાબહેન છોટુભાઈ - કેપટાઉન

<u>જોઈતિ</u> <u>સામગ્રી</u>: ૧/૨ લીલા નાળિયેરનો છીણો
૧ પાણી લીલા ધાણા
૨ રતલ બટાકા
૮ થી ૧૦ લીલા મરચાં
૧/૨ કપ મગની દાળ
૨ ચમચી મીઠું
૧/૪ ચમચી હળદર
૧ થી ૧૧/૨ ચમચી ખાંડ
થોડી સૂકી દરાખ
થોડા કાજું

બનાવવાની રીત:-

૧. સૌથી પહેલા બટાકાને બાફવા મૂકી દેવા.
૨. મગની દાળ જે આગળથી પાણીમાં પલાળી મૂકી હોય તેને થોડું તેલ ને હીંગમાં વઘારી ને છુટી દાળ બનાવવી.
3. નાળિયેરને છીણીને અથવા પીલીને ઝીણો છીણો બનાવવો.
૪. લીલા ધાણા, દરાખ, કાજુ, લીલા મરચા વગેરે સમારીને નાળિયેરના છીણા સાથે મેળવો.
૫. ખાંડ અને બીજી બધી સામગ્રી પણ નાળિયેરનાં છીણા સાથે મેળવો. તેની અંદર જે મગની દાળ થઈ ગઈ હોય તે પણ ભેળી દેવું. એટલે પૂરણ તૈયાર થયું.
૬. બટાકા બફાઈ ગયા હોય તેને, છૂંદીને માવો તૈયાર કરવો. તે માવો લગભગ પૂરીના લોટ જેવો હોવો જોઈએ.
૭. બટાકાના લોટમાંથી હથેલી પર થાપીને નાની નાની પૂરી તૈયાર કરો. અને પૂરણના નાના નાના લખોટા વાળો.
૮. બટાકાની પૂરી વણેલી હોય તેની અંદર પૂરણના લખોટા મૂકી બરાબર બંધ કરવા. તેને તળી લેવા. ગરમ ગરમ જ સ્વાદિષ્ટ લાગશે.

---

## ખાજાં

અરૂણાબહેન રતિલાલ - કેપટાઉન

<u>જોઈતિ સામગ્રી</u>: ૪ કપ કેક ફુલાવર
૪ ચમચાં ઘી

બનાવવાની રીત:- ૪ કપના લોટમાં ૪ ચમચાં ઘીનું મોણ દઈ લોટ પાણીએ કઠણ પલાળી, કેળવીને નરમ તથા સુંવાળો બનાવી પૂરી જેટલાં લુઆ પાડી રોટલીની માફક મોટી-પાતળી રોટલી વણીને તૈયાર કરવી. પાટલા ઉપર રોટલી મૂકી ઉપર ઘીએ ચોપડી, સહેજ લોટ ભભરાવીને રોટલીને વાળી દેવી. વાળેલી રોટલી ઉપર ફરીથી ઘી ચોપડી સહેજ લોટ નાખી પાછી રોટલી વાળવી ત્યાર પછી ફરીથી ઘી લગાડી થોડો લોટ નાખી હાથે વાળવો.

આ લુઆને ફરીથી રોટલીની માફક મોટી પાતળી રોટલી વણવી. ત્યાર પછી બધું આગળની માફક કરી લુઓ વાળવે.

લુઆને ફુલવે હાથે જાડા ખાજા વણી લેવાં, તેમાં પાંચ-છ પેચ્સ સાથે કાંગરા પાડવા. એવી રીતે બધાં ખાજા બનાવી તૈયાર કરવાં.

ચૂલા ઉપર પૂરી તળવાની પેણીમાં અર્ધું તેલ અને અર્ધું ઘી ગરમ થાય ત્યારે તેમાં તૈયાર ખાજાં મૂકી દેવાં, તાપ ઓછો રાખવો. ઉપરથી ચમચાં વતી થોડું થોડું તેલ ખાજા ઉપર નાખતાં રહેવું જેથી ખાજા સારા ફૂટશે.

ખાજાં ને તળીને ચાળણીમાં ઊભાં મૂકી નીચે થાળી રાખવી, જેથી નીચે ઘી નીતરી જાય.

# પૌવાનાં ઢોકળા

ચંદનબહેન સુરતવાલા - કેપટાઉન

<u>જોઈતિ સામગ્રી</u>: ૫૦૦ ગ્રામ પૌંવા,
એક લીટર દૂધ,
લીલા મરચાં,
આદુ, લીંબું
મીઠું, તેલ, રાઈ, ખાંડ
કોપરાનું ખમણ.

બનાવવાની રીત:-

પ્રથમ પૌંવા ધોઈને ચારણીમાં નીતરવા મૂકવા, પછી દૂધ ઉકળવા મૂકવું. તેમાં બે ચમચાં ખાંડ નાખવી. (ગળ્યુ ભાવતું હોય તો.) પૌંવામાં મરચાં આદુવાળો મસાલો નાખવો, મસાલો ભેળવ્યા બાદ ઉકળતા દૂધમાં પૌંવા નાખવા. એ ઘટ્ટ થાય એટલે થાળીમાં તેલ ચોપડી ઢાળી દેવું ઉપરથી તેલમાં રાઈ નાંખી કકડતો વઘાર કરવો. ઉપર કોથમીર, કોપરું નાંખ્યું, પછી કાપા પાડીને ખાવાના ઉપયોગમાં લેવા. એ સમયે ઢોકળા પર લીંબુ નીચોવશો તો વધારે સ્વાદિષ્ટ લાગશે.




from

**R. MAGAN N.M. RANCHOD**
**and FAMILIES**

**PRIDE STYLE SHOE**
**Mnfg. Co. (Pty) Ltd.**

*Ask for the famous casuals by name*

**Barracuda Marauders Bok Boks Cheqmates**

*Available at all leading stores*

Warrington Road, Claremont Phone 61-1858

# માનવના જીવનમાં રહેલી ત્રણ મિત્રની સગાઈ

લેખક: અમૃતલાલ એલ નવસારીયા
(કેપટાઉન)

ભગવાને આ સંસારની રચનાજ એવા પ્રકારની કરી છે કે કોઈ સંપૂર્ણ સુખી હોતુ નથી. સુખ અને દુઃખનુ મિશ્રણ એનુ નામ સંસાર. સંસાર જ એવા પ્રકારનો બનાવ્યો છે કે એમાં સુખ અને દુઃખ બન્ને મૂકયા છે. દુઃખ વિના માનવીને સુખની કિંમત સમ-જાતી નથી. રોજ મેવામીઠાઈઓ ખાનારાને ભોજનનો સાચો સ્વાદ આવતો નથી. ભોજનની સાચી મઝા માણવી હોય તો પહેલા ભૂખનુ દુઃખ વેઠવુ પડે છે. ભગવાને માનવીમાં ત્રણ પ્રકાર-ના દુઃખ મૂકયાં છે જેવાકે આધી, વ્યાધી અને ઉપાધી.

આધી એટલે કેળાની છાલ ઉપર પગ પડતાં લપસી પડી પગ ભાંગે એને આધી દુઃખ કહેવાય.

વ્યાધી એટલે શરીરનું દુઃખ જેવુ કે દમ, લકવો, કેન્સર, ક્ષય: એને વ્યાધી દુઃખ કહેવાય.

ઉપાધીનુ દુઃખ હાથે કરીને માંગેલુ દુઃખ એને ઉપાધી દુઃખ કહેવાય.

સંસારની દરેક વ્યક્તિ સુખને માટે ફાફાં મારે પરંતુ દુઃખ માણસને નિરાંતની જીંદગી જીવવા દેતો નથી. માનવી સુખ ભોગવવા સંસારમાં પડે છે. પરણ્યા પછી પત્નીનું સુખ મળશે પણ પરણ્યા પછીજ અનુભવ થાય છે કે આતો ઝાંઝવાના જળ જેવીજ જીંદગી થવાની. સ્ત્રી સાથે આપણા સ્વભાવનો મેળ બેસે એમ નથી એટલે અહીંથી જીંદગી પૂરી થઈ.

હવે કોઈકને એ બાબતમાં સુખ હોય ત્યારે સંતાન દુઃખ આવીને ઉભુ રહે. અને સંતાન હોય તો દીકરો એવો પાકે કે કાયમના માટે એના નામની હૈયા હોળી. કદાચ એ ત્રણ વસ્તુ સારી હોય તો ઘરમાં બેકારી આંટા ફેરા કરતી હોય, જેથી સર્વ વાતે સુખ તો કોઈ વિરલોજ હોય.

જગતમાં જન્મ લીધા પછી માનવને ત્રણ મિત્રો સાથે મિત્રતા બંધાઈ છે. એકનું નામ ધનરાજ - માણસ જ્યારે સમજતો થાય ત્યારે એ ધન સાથે વધુ ને વધુ મિત્રાચારી બાંધે છે. ધન સાથે એટલી બધી મિત્રતા વધી જાય છે કે માનવી એનો પડછાયો છોડતો નથી અને એના માટે ગમે તે કરવાં તૈયાર થઈ જાય છે.

માનવીનો બીજો મિત્ર સ્નેહી - માનવી ધન પાછળ ચોવીસ કલાક રહે છે અને જ્યારે એમાંથી નવરાશ મળે ત્યારે એ બીજા નંબરના મિત્રને મળે. સગાસ્નેહીઓને મળવાં જતા સાથે ધન મિત્ર તો ખરોજ.

ત્રીજા નંબરનો મિત્ર ધર્મ - આજના યુગમાં માનવ ઓછામા ઓછો સંબંધ ધર્મ સાથે રાખે છે.

આ ત્રણ મિત્રની પરિક્ષા માનવને અંત સમયેજ થાય છે જ્યારે યમના દૂતો આવીને ઊભા રહે છે ત્યારે માનવ ધનરૂપી જીગર-જાન દોસ્તને સૌથી પ્રથમ બોલાવે ત્યારે ધન ચોખ્ખે ચોખ્ખા શબ્દમાં કહી દે છે કે તું તારી મેળે ત્યાં જા-મારૂ ત્યા કામ નહિ-હું તો અહીંનો અહીંજ રહીશ. ત્યારે માનવને એટલો બધો આ-ઘાત લાગે છે કે આખી જીંદગી કાળાધોળા કર્યા, કોઈકના ગળા કાપ્યા અને તને મે ભેગું કર્યુ - અંત સમયે તું આવો મને જવાબ આપી રહ્યો! ધનની વાત સાંભળી માનવ યમદૂતથી

બચવાને કારણે સગાસ્નેહી તરફ નજર નાખે છે. ત્યારે સગાવહાલા કહેશે કે ભાઈ તું જે કોર્ટમાં જઈ રહ્યો છે ત્યાં અમારું કાંઈજ નહિ ચાલે. તું કહે તો અમો તને કોર્ટના બારણા સુધી વળાવવા આવીશું. એથી વધારે જોઈએ તો તને અમો બાહોશ વકીલ સાથે ઓળખાણ કરાવી આપીએ પરંતુ એનાથી વધારે તો અમારાંથી કાંઈજ નહિ થાય

મારો પતિ, મારા પિતા, કહીને જીભ સૂકવી નાખનારાઓ આ દેહપિંજરામાંથી પ્રાણ ઉડતાજ પારકો બની જશે. અણીની વેળા-એ બે ચાર આંસુ સારી ચાલ્યા જશે. બહું બહું તો સ્મશાનની ચિતા રૂપી વકીલો સાથે ઓળખાણ કરાવી હાથ ધોઈ નાખશે. અને કહી દેશે - ભાઈ તુ જાણે અને તારૂં કામ જાણે. જયારે બેઉ મિત્રો હાથ ઊંચા કરી દેશે ત્યારે ધર્મરૂપી મિત્ર માનવની મદદે દોડી આવશે અને એજ તમારી સાથે યમનાં દરબારમાં આવી સાચી સાક્ષી પૂરશે. તે વખતે તમારા જીવનમાં તમોએ જે જે સત્ય કર્મ અને ધર્મ કર્યા હશે તે ઊગી નીકળશે. ધન અને સગાસ્નેહીઓ તો અહીંના અહીંજ રહેશે પણ ધર્મ તમારો સાચો મિત્ર થઈને તમારી સંગાથે આવશે.

પહેલા બે મિત્ર સાથે ખપ પૂરતોજ સંબંધ રાખો અને ધર્મ મિત્ર સાથે વધારે ને વધારે સંબંધ રાખતા શીખો તો જ એ તમારો જન્મ અને મરણનો મિત્ર કાયમને માટે રહેશે !

---




*With Best Wishes for A Happy Diwali from*

**BOOLEY'S TRAVEL SERVICES**



IATA Approved Agents

(Prop: M. G. Booley's Travel Services (Pty) Ltd.
294 ALBERT ROAD, WOODSTOCK 7925
Phones: 55-2264/55-3235 - P.O. Box 69, Salt River 7925

# દિવાળીની દંતકથાઓ.

રજૂ કરનાર : કુમારી .....
શકિલા ર. ભગવાન. (પીટરમેરિત્સબર્ગ)

આસો વદ તેરસથી કારતક સુદ બીજ સુધી દિવાળીના તહેવારો આવે છે.

આસો વદ અમાસને દિવાળીનો દિવસ કહે છે. તે દિવસે વેપારીઓ હિસાબનાં ચોપડાં પૂજે છે. આ તહેવારમાં છોકરાંઓ ફટાકડા કોઠી, બપોરીઆંને બીજું દારૂખાનું ફોડી રાજી થાય છે. સ્ત્રીઓ સવારે આંગણાંમાં સાથિયા પૂરે છે. લોકો ચોખ્ખાં સારા કપડાં પહેરે છે.

દિવાળી એટલે દીવાની હાર. દિવાળી પર ઘેરઘેર દીવાની હાર સળગાવવામાં આવે છે. આસો વદ ચૌદસને કાળીચૌદસ અથવા નરકચતુર્દશી કહે છે. શા પરથી આમ કહેવાય છે, તે જાણવા જેવું છે.

પૃથ્વીએ દેવતાઓ પાસે વરદાન માગ્યું હતું કે, મને એવો પુત્ર આપો, કે કોઈ એની બરાબરી કરી શકે નહીં, ને કાઈને હાથે એ મરે નહિ. દેવતાઓએ રાજી થઈ પૃથ્વીને વરદાન આપ્યું કે માત્ર શ્રીકૃષ્ણ એને મારી શકશે. પછી નરકાસુર જન્મયો. બધા રાજાઓને એણે હરાવ્યા. સોળ હજાર એકસો કન્યાઓનું હરણ કર્યું. એણે ઈંદ્રને પણ હરાવ્યો. તે પરથી ઈંદ્રે કૃષ્ણને વીનવ્યા કે, નરકાસુરને મારો. આથી કૃષ્ણે નરકાસુર જોડે લડાઈ કરી. તેમણે કાળી ચૌદસની પાછલી રાતે તેને મારી નાખ્યો. બધી કન્યાઓને બંદી ખાનામાંથી છોડાવી પૃથ્વી પર આનંદ ફેલાવ્યો.

દિવાળીના તહેવારના સબંધમાં બીજું પણ જાણવા જેવું છે. અગાઉ બલિ નામનો એક મહા ઉદાર રાજા હતો. એણે એકસો અશ્વમેધ યજ્ઞ કર્યા. ઈંદ્રને બીક લાગી કે, રખેને એ મારું ઈંદ્રાસન લઈ લે! તેણે તપ કરી વિષ્ણુને રાજી કર્યા. વિષ્ણુએ રાજી થઈ બલિરાજાને હરાવ્યો.

વિષ્ણુએ પહેલાં વામનજીનું એટલે ઠીંગણા માણસનું રૂપ લીધું. પછી બલિરાજાની પાસે જઈ તેની યાચના કરી. બલિએ કહ્યું કે: "માગો, જે માગશે તે આપીશ." વામને કહ્યું: "મારે માત્ર ત્રણ પગલાંમાં માય એટલી જગ્યા જોઈએ છે, તે આપો?" બલિએ કહ્યું: "વધુ માગો. આટલું જ શું માગ્યું?" વામને કહ્યું: "બ્રાહ્મણને લોભ ન શોભે. મારે આટલું જ બસ છે."

પછી વામનજીએ બહુ જ મોટું રૂપ લીધું. પહેલું પગલું તેમણે પૃથ્વી પર મૂક્યું. બીજું આકાશ પર, ને ત્રીજું બલિરાજાના માથા પર મૂક્યું. આ રીતે તેમણે તેને પાતાળમાં ચાંપી દીધો. આ ત્રણ પગલાં આસો વદ તેરસ ચૌદસ, અને અમાસને દહાડે ભર્યાં હતાં. કારતક સુદ પડવાને દિવસે બલિરાજાનો પાતાળમાં રાજ્યાભિષેક થયો. બલિની ઉદારતાથી નેતેના સાચાપણાથી વિષ્ણુ રાજી થયા, ને તેમણે બલિરાજાને કહ્યું કે: "હે રાજા તારું કલ્યાણ થાઓ! તું માગીશ તે આપીશ; માટે કંઈ પણ માગ." બલિએ કહ્યું: "હે દેવ! આપે ત્રણ દહાડામાં ત્રણ પગલાં ભરી મને હરાવ્યો. તે દહાડા બલિરાજાના દહાડા કહેવાઓ! જે લોકો આ ત્રણ દહાડા દીવા કરે તેમના ઘરમાં લક્ષ્મી હંમેશ રહો! મારા ત્રણ દહાડામાં જેમના ઘરમાં અંધારું રહે તેમના ઘરમાં ગરીબાઈ રહો!" વિષ્ણુએ કહ્યું: "તેમ થાઓ."

હિંદુ લોકો તે દિવસો આનંદ ઉત્સવમાં ગાળે છે. તેમનું માનવું એવું છે કે ત્રણ દિવસ લક્ષ્મી તેલમાં રહે છે ને ગંગા જળમાં રહે છે. હિંદુ લોકો વહેલા ઉઠી તેલથી શરીર ચોળી નહાય છે.

દિવાળીની રાતે હિંદુ ઘરોમાં લોકો "<u>આજ દિવાળી, કાલ દિવાળી, દિવાળીનું મેરિયું</u>" એમ બોલી મેરિયું અથવા દીવો ફેરવે છે. પડવાને દિવસે નવું વર્ષ બેસે છે. સારા વસ્ત્રો પહેરી તે દિવસે હિંદુ લોકો દેવ દર્શન કરવા જાય છે. એકબીજાને નવું વર્ષ આબાદ ઈચ્છે છે.

શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વતને ટચલી આંગળી પર તોળ્યો હતો, તે તમે જાણતા હશો. તે આજ દિવસે બન્યું હતું. માટે જાતજાતની રસોઈ કરી, અન્નકૂટ કરી, એટલે અન્નના ઢગલા કરી, વૈષ્ણવો એ દિવસે ગોવર્ધનરૂપ શ્રીકૃષ્ણ ભગવાનને નૈવેધ ધરે છે. બલિરાજાને પાતાળનું રાજ્ય આ દિવસે મળ્યું. તેથી બલિપૂજા પણ આ દિવસે કરવામાં આવે છે.

બીજનો દિવસ ભાઈબીજ કહેવાય છે. તે દિવસે ભાઈ પોતાની બહેનંને ઘેર જમવા જાય છે. યમની બહેન યમુના તેને પોતાને ઘેર જમવા માટે વારંવાર નોતરતી હતી, પણ યમ તેને ગણકારતો ન હોતો. આખરે યમુનાએ ઘણી આજીજી કરી, તેથી યમને તેને ઘેર જમવા જવું પડયું. યમુનાની પરોણાગતથી રાજી થયો. તેણે તેને કહ્યું: "બહેન! તું કઈ વરદાન માગ. તું જે માગીશ તે હું તને આપીશ.

બહેને કહ્યું: "ભાઈ! હું એટલુંજ માગું છું કે આ દિવસે તમારે દર વર્ષે મારે ત્યાં જમવા આવવું. આ દિવસે તમારે પાપીઓને નરકમાંથી છોડી દેવા; ને આ દિવસે જે ભાઈ પોતાની બહેનને ઘેર ભોજન કરે તે ભાઈ-બહેનને તમારે સુખી કરવાં." યમે એ વરદાન આપ્યું.






**KHOOSALBHAI, BHAVANBHAI, RAMANBHAI, AMRITLAL & JAIRAMBHAI VANMALI PATEL AND FAMILIES**

*Extend their Best Wishes*

*for a*

*Happy Diwali & Prosperous*

*New Year*

*to all Friends & Relatives*

10 Goldsmith Road, Salt River    Phone 55-5915

# ૭ સાતડાનો જાદુ

લેખક

વિનયચંદ્ર બી. પટેલ

આચાર્ય: શ્રી વૈદિક ગુજરાતી શાળા-નાટાલ

ચાલો આપણે સાતની દુનિયામાં ડોકિયું કરીએ.

ધર્મશાસ્ત્રમાં સાતનું સ્થાન :
રામાયણનાં પ્રધાન પાત્રો સાત છે. દશરથ, રામ, લક્ષ્મણ, ભરત, હનુમાન રાવણ અને વિભીષણ. સ્ત્રી પાત્રો પણ સાત છે. કૌશલિયા, સુમિત્રા, કૈકેયી, સીતા, સુલોચના, મંદોદરી અને શબરી.

મહાભારતના યુદ્ધ પછી પાંડવ પક્ષમાં આ સાત વ્યક્તિઓ બચવા પામી હતી. પાંચ પાંડવો, શ્રી કૃષ્ણ અને સાત્યકિ.

ઋષિઓ સાત ગણાય છે. વિશ્વામિત્ર, જમદગ્નિ, ભરદ્વાજ, ગૌતમ, અત્રિ, વસિષ્ઠ અને કાશ્યપ.

સાત સતીસ્ત્રીઓ. અહલ્યાબાઈ, તારાબાઈ, દ્રૌપદી, સીતા, મંદોદરી, સાવિત્રી અને સુલોચના.

ધર્મશાસ્ત્રમાં આ સાતનું મહત્વ ઘણું અંકાયું છે. અહિંસા, સત્ય, ચોરી ન કરવી, ક્રોધનો ત્યાગ, લોભનો ત્યાગ, પ્રાણીમાત્ર પર દયા અને કામનાઓનો ત્યાગ.

પવિત્ર નદીઓ સાત છે : ગંગા, ગોદાવરી, યમુના, સરસ્વતી, કાવેરી, નર્મદા, કૃષ્ણા.

સૂર્યના રથને સાત અશ્વ (ઘોડા) જોડેલા છે. એવું પુરાણોમાં છે. તે સૂર્યનાં કિરણોમાં રહેલા સાત રંગોનું રૂપક છે.

નીચેની સાત નગરીઓને મોક્ષમાતા કહી છે. તીર્થનાં સ્થાનો કહ્યા છે. કાશી, કાંચી, માયા, અયોધ્યા, મથુરા, દ્વારિકા અને અવન્તી.

આ સાત વ્યક્તિ રોજના નવાલાભ ઈચ્છે છે. વેપારી, નકામી સ્ત્રી, કવિ, વિપ્ર, ભાટ, ચોર અને જુગારી.

આજીવિકાના સાત પ્રકાર છે. વેપાર, વિદ્યા, ખેતી, પશુપાલન, શિલ્પ, નોકરી અને ભિક્ષા.

આ સાત વિનયશીલ હોય તો ગૌરવ વધે છે. જીભ, સ્ત્રી, પુત્ર, ભાઈ, મિત્ર, સેવક અને આશ્રિત મનુષ્ય.

નીચે લખેલા સાત નરકના અધિકારી ગણાય છે. રાજઘાતી, બ્રહ્મઘાતી, ગૌહત્યાકરનાર, ગાયચોરનાર, હિંસક, નાસ્તિક અને પરિવેત્તા એટલે કે મોટાભાઈને મૂકીને નાનો ભાઈ પરણે તેને પરિવેત્તા કહ્યો છે.

સંગીત શીખવા માટે સાત સ્વર હોય છે. સા-રી-ગ-મ-પ-ધ-ની.

વાર પણ સાત જ છે. રવિ પછી તો સોમ છે - એમ શનિવાર સુધી.

આ સાતનો સહવાસ ઉપયોગી ને ફળદાયી છે. વેદ, બ્રાહ્મણ, દેવતા, મંત્ર, કર્મ, તીર્થ અને વૃદ્ધોનાં (વડીલોનાં) વચન

અને છેલ્લે કહેવત છે ને ! ઉતાવળો સાત વાર પાછો વળે. સાત વાર ગરજ હોય તો આવજે. સાત ભાઈ જ્યાં જાય ત્યાં સાતડે સાત. સાત સુખને નવ નિરાંત.

The spiritual well being of our community depends on the active participation of each and every-one of you, to leave no stone unturned to erect our place of worship and cultural centre. In this respect you are assured of our sincere prayers, interest and co-operation

*A HAPPY DIWALI AND PROSPEROUS NEW YEAR*




DATSUN NISSAN

# ROMILLA DATSUN

DATSUN NISSAN

COLLEGE ROAD, RYLANDS ESTATE,
ATHLONE 7700

*from*

**MR. & MRS. S.J. PATEL & FAMILY**

PHONE 67-6060
P.O. BOX 33, CRAWFORD 7770

# જ્ઞાતિ સંસ્થાઓ

લેખક : રમણલાલ પ્રાણશંકર જોશી
ડરબન

જ્ઞાતિ સમાજના સ્વાસ્થય માટે જ્ઞાન, કર્મ અને કલ્પના એ ત્રણે નો સમન્વય જરૂરી છે. જે સમાજ જ્ઞાનનેજ સર્વસ્વ ગણે છે તે વહેલો મોડો પોતાની માયાવી જાળમાં પોતેજ સપડાય છે. જે સમાજ કર્મને સર્વસ્વ ગણે છે તેને તેનો રાજસી હેતુ વહેલો-મોડો દગો દે છે. જે કલ્પનાને પ્રધાન પદ આપે છે તે અકર્મણ્યતાને નોતરે છે તેથીજ એમર્સન THE THINKER · THE DOER · THE CREATOR ને સમાન માને છે.

આપણી જ્ઞાતિઓ એ એક વખતે આપણા સામાર્થ્યને વ્યક્ત કરવાનો બળવાન દુર્ગ હતો - આજે આપણે જ્ઞાતિઓને કોઈ પણ વિશિષ્ટ ગુણ ધરાવનાર એકમ તરીકે જોઈ શકતા નથી, અને એવી રીતે એમનું અસ્તિત્વ રહ્યું નથી. એજ આપણા વિનિપાત નું મુખ્ય કારણ છે. જ્ઞાતિઓને લીધે આપણો વિનિપાત થયો નથી - થઈ શકે નહિ. જે વિશિષ્ટ ગુણનો ઉત્કર્ષ સાધવા માટે એ એકમ ઘડવામાં આવ્યું હતુ. તે મૂળ પંથનો ત્યાગ કરવાથીજ જ્ઞાતિઓ અરસ પરસના દોષ દર્શન માટે કલહ માટે બાકી રહી છે.

જ્ઞાતિ સંસ્થાઓ એ વિશિષ્ટ ગુણોના ઉત્કર્ષ માટે જે મર્યાદા ને વિશાળતા બતાવવા ઘટે, જેમાં એની મહત્તા રહી છે, તે પગલું આપણે ચૂકી ગયા હોવાથી આ પરિસ્થિતિ ઉત્પન્ન થઈ છે. જ્યાં જ્યાં જ્ઞાતિઓનું બંધન આવા કોઈ અર્થ પરત્વે રહી છે. તે જ્ઞાતિ વધારે પ્રાણવાન બને છે.

જ્ઞાતિ એ વિશિષ્ટ ગુણોત્કર્ષ, વૈજ્ઞાનિક પરિશુદ્ધિ, અને એક ન સમજી શકાય એવી આંતર આકર્ષણની સૂચક માર્ગ દર્શના છે. એ ગુણોનો સમન્વય સાધવા માટે જે જ્ઞાતિઓ મર્યાદાને વિશાળ નહીં કરે, અને જે સમાજ સુધારક આ ધ્યેયને લક્ષ્યમાં રાખ્યાં વિના આંધળા ભૂસકા મારશે - એ નવરચનાનાં શરીરનો, મનનો અને ગુણોનો નાશ લાવશે- કેવળ નવીનતાને ખાતર કરેલા મર્યાદા લોપ નો કંઈ અર્થ નથી. જ્ઞાતિઓ પોતાના ચિરંજીવ તત્વનું મર્યાદાથી રક્ષણ કરી એને વૈજ્ઞાનિક પરિશુદ્ધિનો લાભ આપે અને એના અચિરંજીવ માત્ર તત્વને ફેંકી દઈ પોતાની વિશાળતા સમજાવે, પ્રજાના ઉત્કર્ષની સાધનામાં જ્ઞાતિઓની નવે સરથી પરિશુદ્ધિ એ આવશ્યક તત્વ બની રહેશે.

કેવળ ઉત્સાહ - કેવળ આદર્શ - કે કેવળ કલ્પનાની રમણીયતા જોઈતુ ખડક જેવું અણનમ બળ આવી શકે નહિ. એ માટે માણસે પોતાના વિચાર ને ક્રિયાની સરાણ ઉપર ચઢાવવાનો દરેક પ્રસંગ ઝડપી લેવો જોઈએ. વિશુદ્ધ થયા પછીજ એણે જીવન સિદ્ધાંતનું ઉચ્ચારણ કરવું ઘટે. આવું થાય તો દરેક વ્યક્તિ સમાજનું માનસિક સ્વાસ્થ્ય જાળવવામાં બહુ ઉપયોગી થઈ પડે - એટલુંજ નહિ - પણ વિચાર, કલ્પના અને ભાવના એ જીવવાની વસ્તુઓ છે. એ વિષેનું ભાન તોજ પ્રજાને થાય.

---

# 'નિંદા ન કરજો પારકી, ન રહેવાય તો કરજો આપકી'

લેખક: ગણેશભાઈ પી. લાલા
આચાર્ય - ગાંધી સ્મારક શાળા (કેપટાઉન).

જો નિંદા કર્યા સિવાય ન રહી શકો તો માત્ર તમારી પોતાનીજ નિંદા કરજો.

ધોબી પણ પૈસા લઈને કપડાં ધૂએ છે પણ આપણે તો આપણી જીભથી મનુષ્યના મેલને મફત ધોઈએ છીએ. માટે નકામી વાતો ઓછી કરો અને કામની વાતો તરફ વધુ ધ્યાન આપો. આમ કરશું તો જ હંમેશા આપણા મોમાંથી સુવાકયોજ નીકળશે.

માણસે પોતાનું મન શ્વેત વસ્ત્ર જેવું રાખવું જોઈએ કે જેથી એની ઉપર ડાઘ ન પડે. ડાઘ પડે તો એ તાજો હોય ત્યારે જ તરત ધોઈ નાખો. યાદ રાખજો કે જો એ સુકાઈ જશે તો પછી નીકળવો ભારે પડશે. કપડાંને સાબુથી સ્વચ્છ કરી શકાય છે, તેમ મનને સદગુણના સંપર્કથી સાફ કરી શકાય. ધ્યાન રાખો કે તમારા મનની સ્લેટ ઉપર કોઈ પણ નકામી વાત લખાઈ ન જાય. જેમ શાહીના અક્ષરો કાઢતાં કાગળ ઘસાઈ જાય છે, તેમ મનની ખરાબ વાતોને પાછળથી ભૂંસવાનો પ્રયત્ન કરતાં મનની મુલાયમતા ઘસાઈ જાય છે, ઓછી થઈ જાય છે.

એટલે પ્રથમથી જ મનને સુંદર, મુલાયમ રાખવા માટે ગુણાનુરાગી બનો. તમારી બેઠક તમારા કરતાં ચઢિયાતા હોય એવા લોકોની સાથે રાખો. એમની સોબતથી, એમની સારી અસર તમારી ઉપર ક્યારેક થવાની.

સમાજને સ્વચ્છ રાખવા માટે મહાપુરુષો આપણાને ગુણાનુરાગી થવાનું કહે છે. દોષથી ભરેલી આજની દુનિયામાં ગુણનું દર્શન દુર્લભ છે. દરેક ઘરમાં બગીચાઓ નથી હોતા એમ સર્વત્ર સદ્‌ગુણ પણ નથી હોતા.

જિંદગીમાં ચઢવું જ મુશ્કેલ હોય છે; ઊતરવું તો સાવ સહેલું છે. દુનિયામાં માણસને અધમ બનાવનાર આ દોષદૃષ્ટિ છે; જ્યારે જીવનને આગળ વધારનાર તો ગુણદૃષ્ટિ છે.

દિવાળીના શુભ પર્વના અભિનંદન.
નૂતન વર્ષ આપને અને આપના આપ્તજનોને
સર્વ પ્રકારે ઉત્કર્ષને માર્ગે દોરે અને
આપની અભિલાષાઓ સંપૂર્ણ કરે, એજ
પરમકૃપાળુ પ્રત્યે અમારી નમ્ર પ્રાર્થના છે.

પરભુભાઈ પરસોતમ ભગત અને સહકુટુંબ
44 JANE AVE RYLANDS ESTATE

# THE FIRST HISTORIAN OF HUMANITY - VYASA

— *Bhikoo Magan*

I am indebted to Dr Manu G Bhagat, M.A., LL.B., PH.D. for his research in the life of VYASA and to *'Mother India'* for the details of the sage's life and works. I have taken extracts out of his book to give readers an idea of the immense brain of this fantastic person.

Veda Vyasa is the first chronicler of ancient India and perhaps the first historian of the human race. He not only wrote the Mahabharata, of which the Bhagavad Gita is an inseparable part but also, it is said, the eighteen Puranas including the Bhagavat Purana which is regarded by the Hindus with the utmost reverence. He is also the author of the Brahma Sutras, the aphoristic maxims in four chapters, dealing with Brahman or the supreme spirit. His contribution to Aryan culture, especially to its philosophy, has been profound and immeasurable. Indeed the whole ocean of Sanskrit literature after the Mahabharata bears the stamp of his supreme genius. It is rightfully said 'There is nothing which was not said by the great Rishi'. It is no wonder that he has come to be revered as Bhagavan Vyasa.

Towards the close of the Dwapara-Yuga, approximately 5200 years ago ago, the Aryan conquerors had founded many new kingdoms on the banks of the Ganga and the Yamuna rivers, the most notable of the Aryans were ruled by the Bharats from Hastinapur. (Amongst the rivers of the world, the Ganga is the most venerated and deified. It is a symbol of sanctity to the Hindus of India.)

The most outstanding of the Vedic rishis was Vasishtha, who was a Brahmarshi and to whom many sacred hymns of the Rig-veda were revealed. He had a grandson, sage Parashara. One day Parashara was crossing the Yamuna in a boat when he saw a fisher-girl seated next to him. She was exceedingly beautiful and had a dark complexion, also a devine perfume emanated from her body as a result of getting a special blessing from a rishi. (Thus she was also called Gandhavati). Captivated by the beauty of the maiden and struct by the fragrant smell, Parashara fell in love with her. When asked, she replied that her name was Satyavati and that her father was the King of the fisher folk. It was the first encounter and the sage returned to his hermitage. yet he felt that he left a bit of himself with the damsel. The impact of Satyavati's beauty was so overwhelming on Parashara that he soon found he was not his old self again. The meeting haunted him and disturbed his meditations. A storm of passionate desire swayed him. His heart knew no rest until he met her again and made love to her. In due course, Satyavati gave birth to a son on an island in the Yamuna. As the child was dark-hued like the mother, he was named Krishna. Born on an island he was also called Dvaipayana. When Vyasa had grown up, he left his mother. It is not certain whether he returned to Parashara, his father. However, the boy had inherited a massive intellect, unfailing insight and a passion for knowledge, the traditional virtues of the Vasishthas. As a Brahmachari he studied under an ascetic teacher, Vishwaksena, who initiated him into a life of austerity, prayer, ritual and the study of Vedic lore. It was a stage of disciplined preparation, a period of constant and hard striving and Vyasa proved that he was a devoted shishya (student). He was trained in the necessary disciplines for intellectual and spiritual enlightenment and was taught the Veda and its sciences. Another teacher, Jatukarunya, taught him the Arya Dharma which opened out new vistas of human understanding to the purpose and dignity of all life and above all, the mission of his earthly sojourn.

Vyasa lived in a hermitage and was soon accepted as an acharya. He taught his disciples how to perform the rituals, chant the sacred mantras and instructed them in the Vedas. He moved from place to place visiting holy places and sacred spots on the river banks. Wherever he went, he taught, inspired, uplifted, gathered wider knowlege himself and widened his spiritual horizon. It is said that once he went to Varanasi, also know as Kashi, where Lord Shiva abides eternally. Accompanied by a group of disciples, he was tired and hungry when he reached the holy city. His disciples went round but returned without any bhiksha (food). As he was about to curse the city saying that learning, wealth and friendship would not flourish there for more than three generations, Shiva, out of compassion, became a householder and pacified Vyasa by providing him and his disciples the best food. The sage's curse was thus averted.

Vyasa is said to have married one Valika, daughter of sage Jabali. In due course, the couple was blessed with a son, Shuka, who was an exceptionally brilliant boy and even in his youth gave ample evidence of his possession of yogic powers.

Hastinapur was ruled by the great king Shantanu. He had a son named Devavrata who was appointed the successor to the throne. One day the king went on a hunting expedition and the air was suddenly filled with a fragrace so sweet that he traced it to Satyavati, the lovely fishermaiden and the mother of Vyasa. Shantanu fell in



**Extend their best wishes for a Happy Diwali and a Prosperous New Year to all friends and relatives**

CHOTUBHAI BHIKHA, RAMESH C. BHIKHA,
JAYANTI B. BHIKHA, SHANTILAL C. BHIKHA
AND FAMILIES

**125 DURBAN STREET, WORCESTER.**

*May the Light of Diwali destroy the darkness in your life, and fill it with Hope, Courage and Everlasting Joy.*



**JAYANTI GOVAN PATEL & FAMILY**

**29 Mavis Road, Rylands Estate**

love with her and desired to marry her; but her father agreed to this only if Shantanu would appoint the son bourne by Satyavati to the throne. Shantanu was in a dilemma. He remained restless and lost for months. When Devavrata came to know of the cause of his father's ailment, he went to Satyvati's father and not only renounced his claim to the throne but also took the vow of life-long celibacy. Because of this terrible vow, he came to be known as Bhishma.

King Shantanu married Satyavati who bore him two sons, Chitrangada and vichitravirya. chitrangada was killed in a battle and after Shantanu's death Vichitravirya succeeded to the throne. He died childless and Bhishma was requested to beget descendants by the surviving widows of Vichitravirya, Amba and Ambalika, in accordance with the ancient custom of Niyoga. This Bhishma refused to do. At last Satyavati, in great distress, remembered Vyasa, her son, born to her when she was a maiden, through sage Parashara. She summoned Vyasa, who had taken to ascetic life and was then a reputed teacher of Arya Dharma. He consented to fulfil his mother's wish to perpetuate the family line of Shantanu. The sage had matted locks, a beard that reached his ankles and frightful mien of a tapasvi. To the young queens he appeared loathsome. They were far from happy but the demands of duty were inexorable. So when Vyasa embraced Amba, she closed her eyes and consequently her child Dhritarashtra was born blind; Ambalika turned pale and hence her son Pandu was born pale. But a maid servant, who in ecstatic devotion offered herself to the sage, became the mother of Vidura, the wise. Dhritarashtra was married to Gandhari and their sons, a hundred in number, came to be known as the Kauravas. Pandu had two wives Kunti and Madri, who gave him five sons and who became famous as the Pandavas. When his grandsons grew up, Vyasa visualised a dreadful misfortune of the great bloody war of Kurukshetra and advised his mother Satyavati to retire to a forest.

The Kauravas grew to be proud, insolent and wicked, while the Pandavas became wise, valiant and virtuous. Vyasa saw that Dharma was bound up with the Pandavas and therefore helped them on every occasion by warning, advice and guidance. He also sought an ally in the Yadava chief, Shri Krishna who was an adept in arms and diplomacy. These two developed an abiding friendship and promoted the marriage of the Pandavas with the daughter of the mighty king Drupada. After the Rajasuya Yajna was performed by Yudhishthira, the eldest Pandava, the Pandavas lost in a game of dice and were in exile for thirteen years. The wicked Duryodhana refused to give an inch of territory though their banishment was over. Krishna failed in his attempt to forge peace. Vyasa, the seer, who had no illusions about the future, warned everyone of the grim consequences of the impending war. In the battle of Kurukshetra which lasted for eighteen days, the Pandavas emerged victorious agains the Kauravas. However, Vyasa was most grieved at the sight of the disaster which the war had brought, destroying not only the whole dynasty of the Kauravas but his sons, grandsons and great-grandsons.

As sage Vyasa lived on, he decided to bequeath the treasured wisdom of a liftime to prosperity. Before his ancient eyes, a panorama of events unfolded themselves once again and in words simple yet true he composed the saga of the Bharats which was not only to serve as a work of poetic art but also as a manual of orality, law and philosophy. As he wrote the great epic, the sage described how the righteous had struggled and won and how the wicked had fought and lost. As the theme grew upon him, he visualised the significant role and mission of Shri Krishna as God incarnate and gave mankind an immortal portrait of Him and conveyed His timeless message through the Bhagavad Gita, which forms an integral part of the Mahabharata, the most universal story of the human race.

There is an interesting story as to how Vyasa composed the divine epic and how Lord Ganesh, the god of wisdom and remover of obstacles, acted his scribe. Having conceived the immortal masterpiece, Vyasa wondering how to go about it. So he meditated on Brahma, the creator of the universe, who appeared before him. Vyasa prostrated himself before Brahma and prayed. "Lord I have conceived an excellent work but I need a scribe to whom I can dictate it." Brahma was pleased and said: "O Sage, Lord Ganesh is very skilled in sacred sciences and is a good scribe. Invoke him and request him to help you in your difficult task". Having said these words, He disappeared. Vyasa meditated to Ganesh: "I have conceived a sublime poem which I wish to sing and to give to mankind as one of its noblest heritages. I cannot think of anyone but you who can help me. Will you be gracious to take it down". I can accept your request only on one condition as I have no time to waste. I should be kept fully engaged and my pen must not stop once I begin writing. If you can dictate without pause, I shall do as you wish." Vyasa agreed with a counter suggestion: "I want you to take down the dictation intelligently. This means that you must first grasp the meaning of

what I dictate before you write it down." Ganesh agreed to the sage's condition, and it is said that while Ganesh pondered over the meaning of the stanza he wrote, Vyasa composed the next one. Thus the whole work of the Mahabharata came to be written to the dictation of Vyasa.

Vyasa first taught the great epic to his son Shuka. Later to his disciples. One of the chief disciples of Vyasa, Vaishampayana, revealed the epic for the benefit of humanity. Having given a vast repository of Hindu traditional lore, philosophy and legend in the Mahabharata, Vyasa disappeared from the mortal vision to live forever as the creator of an immortal epic.



**THE SONG OF THE DANCING GIRL KHETRI, TO SHIVA THE 'SELF-EXISTANT'**

*Lord! Look not upon my evil qualities,*
*Thy Name Lord — is 'Same-sightedness'*
*Make us both the same glory.*
*One is the piece of iron in the hand of the Butcher,*
*Another is the Image in the Temple,*
*But, when they touch the 'Philosopher's stone'*
*Both alike turn to Gold.*

*One drop of water is in the sacred Yamuna,*
*And one is foul, in a ditch by the roadside,*
*But, when they flow into Holy Ganges*
*Both alike are holy.*

*So, Lord, Look not upon my evil qualities,*
*Thy name O Lord, is same sightedness,*
*Make us both the Same Glory.*

Wall's ice cream

*Keep the Good Things Coming*

*With the Compliments*

*of*

BAUMANN'S BISCUITS

# ખાનદાનીનો ખેલ

લેખક : ગુલાબભાઈ હરિભાઈ પટેલ
(યુટન્હેગ)

પોતાના સંસ્કારો અને સંસ્કૃતિ વિષેની સમજશક્તિ માટે સતીશકુમારના હૃદયમાં જે આત્મવિશ્વાસ હતો તે ડોલી ઊઠયો. નીતિ અને અધિકારપણાના એના ચુસ્ત ખ્યાલોએ કૌટુંબિક ખાનદાની પ્રત્યેની ફરજોથી એને કેટલો દૂર રાખ્યો હતો, એની એને સમજ પડવા દીધી નહોતી. દરેક માણસની અંગત બાબતમાં કોઈએ દખલગીરી કરવી ન જોઈએ, એમ માનતા સતીશકુમારને એનાથી નાની એવી પુષ્પાએ કહી દીધું કે, "જો તમારા સિદ્ધાંતો અને સમજશક્તિ, પાયમાલીને પંથે ચડેલા આપણા વડીલ બંધુઓને ભાઈઓ માનવા દેતા ન હોય, તો હવે મને બહેન કહેવાનો તમને અધિકાર નથી. ખોટે માર્ગે ચડેલાને ખરો પંથ બતાવવાની તમારી ફરજ તમે બજાવી નથી. આપણી કૌટુંબિક ખાનદાનીનો ખેલ તમે એક પ્રેક્ષક બની જોઈ રહ્યા છો." ધંધે વકીલ હોવા છતાં ગૃહિણી એવી સંસ્કારી બહેન સામે સતીશકુમાર દલીલ કરી ન શક્યો.

એ પોતાની ઓફીસે આવ્યો; પોતાના ખ્યાલોએ જન્માવેલી અશક્યતાને શક્યતાનો આકાર આપવા, સતીશકુમાર પ્રિટોરિયાની દવે એન્ડ કુ.ના સંસ્થાપક સ્વ. મણીશંકરનો ત્રીજો પુત્ર હતો. છેલ્લા ત્રણ વર્ષથી એ શહેરમાં એક બાહોશ વકીલ તરીકે નામના મેળવી રહ્યો હતો.

શ્રી મણીશંકર ગુજરી ગયાને તો હાલ નવ વર્ષ વીતી ગયાં છે. કામના ક્રમમાં તો નવ વર્ષની ગણતરી નજીવી હશે, પણ સામાન્ય માનવીનાં જીવનમાં તો એ નજીવો સમય જ મહત્વનો ભાગ ભજવે છે. દવે કુટુંબે પણ જેમ દુનિયા વિતાવે છે તેમ એ વર્ષો વિતાવ્યા : દુઃખ અને સુખને સંગાથે તેમજ આંસુ અને હાસ્યને સથવારે !

રામચંદ્ર તેમજ રજનીકાન્તે કદી ભારતના દર્શન કર્યાં નહોતાં. સ્વદેશી સંસ્કૃતિથી તેઓ વંચિત રહેલા. સતીશકુમાર, પુષ્પા અને મીનાક્ષી બાળપણ દરમ્યાન સ્વદેશમાં રહેલાં એટલે મોસાળના સંસ્કારી વાતાવરણને કારણે સંસ્કારી બનેલાં. પિતાજીના અવસાન પછી સતીશકુમારે કાયદાનો અભ્યાસ ચાલુ રાખ્યો. વડિલ બંધુઓના હાથમાં પેઢીનો કારભાર આવ્યો.

તિજોરીની ચાવી રામચંદ્રના હાથમાં આવતાં દુર્ગુણોએ પોતાના શિકારને અધઃપતનને પંથે દોરવાની તક ઝડપી. કોઈ પણ પ્રકારના અંકુશને અભાવે એ સ્વછંદી બની ગયો. દારૂ એને માટે પાણી બની ગયો. જુગાર અને ઘોડાએ એને અજબ આકર્ષણથી આકર્ષ્યો. વગરવિચાર્યાં કાર્યો એ કરવા લાગ્યો. સત્તાથી અંજાયેલી એની આંખો જ્યાં ત્યાં આકાશના તારા જોવા લાગી. સારાસારની એને પડી નહોતી.

રજનીકાન્ત પણ મોટાભાઈની જ મૂર્તિ બની રહ્યો હતો ! હલકી નોવેલો અને જોયેલા ફીલ્મી  દુનિયાનું સર્જન કરવાની અંધ આશાનું એ સેવન કરવા લાગ્યો ! પોતાને પાંખ નથી એ સત્યનો સ્વીકાર કરવાનુ પણ એ ચૂક્યો. જે દુનિયામાં પોતે રહેતો હતો તે દુનિયાના વ્યવહારથી પોતાના આદર્શોને રંગવા જરૂરી છે એ સમજવા એ તૈયાર નહોતો. પશ્ચાત્તાપ જ જેનું પરિણામ હોય એવા આદર્શો મૂર્તિમંત કરવા પૈસાનો એ વ્યય કરવા લાગ્યો.

આમ રામચંદ્ર અને રજનીકાન્તના ગેરકારભારને કારણે દિન-પ્રતિદિન વેપારમાં મંદી આવતી ગઈ. એ વેપારનું વૃક્ષ તૂટી પડવાની જાણે વંટોળિયાની રાહ જોતુંજ ઊભું હતું! પુષ્પા અને મીનાક્ષી સર્વ જોતી હતી અને જાણતી હતી, પણ લાચાર હતી. પિતાની ખાનદાની પર થઈ રહેલા પ્રહારો બંને વગર બોલ્યે સહન કરતી, કારણ કે પ્રહારકો પોતાના બંધુઓ હતાં! સહનશક્તિને પણ સીમા હોય છે. ઘરમિલકત લખીને રામચંદ્રે પૈસા ઉપાડયા, એ વાતે જ્યારે પુષ્પાનો કર્ણસ્પર્શ કર્યો, ત્યારે પુષ્પા મૂંગી રહી ન શકી. ભાઈઓના અંગત કારભારમાં માથું ન મારવાને બંધાયેલા સતીશકુમારને ખાનદાનીના ખેલના પ્રેક્ષક કહી, ભાઈ તરીકેની ફરજ અદા કરવાને એણે પ્રોત્સાહિત કર્યો.

ઓફિસમાં આવી સતીશે થોડા કાગળો તપાસ્યા, કામમાં આજે ચિત્ત પરોવી શકે તેમ ન હતું. કોર્ટમાં આજે જવાનું નહોતું, એ જાણી શાંતિ અનુભવી. પણ એ શાંતિ તો અલ્પજીવી નીકળી!

સ્થાનિક વર્તમાનપત્ર પર નજર પડતાં જ એની શાંતિ ઊડી ગઈ! છાપાના પહેલાં પાના પરનું મથાળું વાંચતાં જ એના મુખમાંથી ઉદ્ગારો નીકળી પડયાં: "ઓ પ્રભુ! આ શું?" 'ચોરીના કાવતરામાં સંડોવાયેલા શહેરના વેપારી મી. રામચંદ્ર હવે' એ મથાળા સામે નતમસ્તક બની એ કેટલીક ક્ષણો જોઈ રહ્યો. પુષ્પાના શબ્દોનું મહત્ત્વ એને પુરેપુરું સમજાયું. ખાનદાનીનો ખેલ જાણે પરાકાષ્ઠાએ પહોંચ્યો! કૌટુંબિક ખાનદાની પ્રત્યેની એની બેદરકારીના પ્રત્યક્ષ પરિણામે એના સમગ્ર અસ્તિત્વને ડોલાવી નાખ્યું.

અકલ્પ્ય નહિ તોયે અવાંછિત અહેવાલથી સતીશની આંખે અંધારા આવ્યાં. આંખ બંધ કરી કેટલીક ક્ષણો સુધી ટેબલ પર હાથ ટેકવી એ બેસી રહ્યો. એ દરમ્યાન એના ખ્યાલો રૂપી દુનિયા જાણે નષ્ટભ્રષ્ટ થઈ ગઈ. એનું હૃદય તો દીન વદનથી પશ્ચાત્તાપથી પીડાતા ભાઈની વહારે દોડી ગયું!

સહનશીલ અને સમજુ માણસો, જો કોઈ વિકટ પરિસ્થિતિમાં મૂકાઈ ગયા હોય તો તે વેળા એ પરિસ્થિતિમાં મૂકનાર એની ભૂલોને નથી જોતાં, પણ એ પરિસ્થિતિમાંથી એને મુક્ત કરવા તેઓ પ્રયત્નશીલ બને છે. રામચંદ્રના કુકૃત્યો અને ભૂલો સતીશકુમારના સ્મૃતિપટ પરથી ભૂંસાઈ ગઈ. આ અહેવાલે એમની સ્થિતિ કેવી દયાજનક કરી દીધી હશે, એ વિચાર એને મુંઝવી રહ્યો. હવે કુટુંબની ખાનદાનીની નાદારી માટે એને ભાઈઓની ભૂલો નહીં પણ પોતાની બેદરકારી જવાબદાર લાગી. વકીલાત દ્વારા પ્રાપ્ત થયેલા જશ અને જર એને તદ્દન નકામાં લાગ્યાં! તરસે તરફડતાં માણસને પીવા કામ ન આવે તે જળ, ભૂખ્યાંને ખાવામાં ન આવે તે ખોરાક અને કૌટુંબિક ખાનદાનીનો બચાવ ન કરી શકે તેવા જશ-જરની શી કિમ્મત? આબરૂ-ઈજ્જતનું પાણી થઈ ગયું હોય તો બેંકમાં પડેલા લાખો શા કામના? સાધનસંપત્તિનો ઉપયોગ સ્વજનોના સંકટ વેળા ન થાય તો ક્યારે થાય? પ્રશ્નોની પરંપરાએ સતીશનાં હૃદયને વલોવી નાખ્યું. પ્રશ્નોના ઉત્તરોએ પોતાની જાતને, ધંધાને, જશ-જરને દોષિત ઠરાવ્યાં. શું હું એટલો બધો સ્વાર્થી છું કે, જેથી સ્વજનો પોતાની મુશ્કેલી અને વિટંબણાની વાતોનો મારા કાનને સ્પર્શ જ થવા ન દે, અને આર્થિક અસ્થિરતાંથી ઊગરવા એમણે અવળા માર્ગે ચડવું પડે? સતીશનું હૃદય રડી રહ્યુ. સજળ આંખે ભાઈને મળવા એ નીકળી પડયો; ભૂલના ભોગની મુક્તિ માટે અને ખાનદાનીના ખેલનો અંતિમ પડદો પાડવા માટે!

સતીશને પ્રવેશતો જોતાં રામચંદ્ર બોલ્યો: "આવ સતીશ, બેસ. આજે મને મારી ભૂલો સમજાઈ, પણ બહુ મોડી."

"તમારી નહીં, મારી ભૂલો", બેઠક લેતાં સતીશ બોલ્યો.

કેટલીક ક્ષણો સુધી સ્તબ્ધતા છવાઈ ગઈ. શું બોલવું, એ એકકેને સૂઝયું નહીં. "ઠીક તો હવે સત્ય હકીકત જણાવો", અંતે સતીશ બોલ્યો. રામચંદ્રે સર્વ હકીકત જણાવી. પેઢી

ખોટમાં ચાલતી હતી. ખરાબ સોબતમાં ફસાયો હોવાથી, એક દગાખોર મિત્રના કાવતરામાં એ આવી ગયો હતો. ચોરોને એણે હથિયારો પૂરા પાડ્યાં નહોતા કે ચોરી માટે એણે સંમતિ આપી નહોતી. સતીશે ચેકથી સર્વ વેપારીઓના પૈસા ભરપાઈ કરવાનું મોટાભાઈને સૂચવ્યું. જરૂરી નાણાં એણે બેંકમાં જમા કરાવ્યાં. જરૂરી સલાહસૂચનો કરી સતીશે રજા લીધી.

દિવસો વિતવા લાગ્યા. કેસ માટે આવશ્યક માહિતી મેળવવાના કાર્યમાં સતીશ રોકાયેલો રહેવા લાગ્યો. ક્યારેક એણે રામચંદ્રના લેણદારોને મળવા પડતું તો ક્યારેક પોલીસ ઓફીસરોનો સંપર્ક પણ સાધવો પડતો. ખાનદાનીના બચાવની પૂર્વ તૈયારીઓએ એના આરામ અને ઊંઘને હરી લીધાં.

અંતે સૂનાવણીનો દિવસ આવ્યો. પ્રિટોરિયાની કોર્ટમાં કેસ રજુ થયો. રામચંદ્રને ગુનેગાર ઠેરવવા સરકારી વકીલે પકડાયેલા ચોર, બુકકીપર અમથાલાલ, રામચંદ્રના દગાખોર દોસ્ત છગનલાલ અને બીજા અન્યને સાક્ષીના પાંજરામાં ઊભા કર્યા. એમની જુબાની લેવામાં આવી. એક બાહોશ વકીલ તરીકે સતીશે સાક્ષીઓની ઊલટ તપાસ કરી રામચંદ્રને નિર્દોષ સાબિત ઠરાવવા શક્ય એટલું કર્યું.

સાક્ષીઓની તપાસ પૂરી થતાં સરકારી વકીલે જણાવ્યું: "આ કેસમાં થયેલો આરોપ તદ્દન સ્પષ્ટ છે. કેટલાક વેપારીઓ ચોરી જેવા કૃત્યોનો લાભ ઊઠાવે છે. મોટા ભાગના આવા કિસ્સાઓ સરળતાને કારણે ઢંકાઈ જાય છે, કોર્ટ સમક્ષ આવતા નથી. પણ જનતાના સદ્ભાગ્યે આ કેસ કોર્ટ અમક્ષ આવ્યો. એક સાક્ષીની જુબાની પરથી કોર્ટને લાગ્યું છે કે આરોપીની પેઢી ખોટમાં ચાલતી હતી એટલે આરોપીને પૈસાની જરૂર હતી. કેટલાંક સાક્ષીઓએ આરોપીના કુસંસ્કારો પર છાપ પાડી છે. એ સર્વને લક્ષમાં લેતાં, મને તો ચોક્કસ લાગે છે કે આરોપીએ, પૈસા મેળવવાના હેતુથી, ચોરી કરાવવાનું કાવતરું રચ્યું હતું. આવા નીચ કૃત્યો ભવિષ્યમાં બંધ થાય એ જનતાના લાભમાં હોઈ, નામદાર ન્યાયાધીશ આરોપીને યોગ્ય સજા ફરમાવશે એવી મારી નમ્ર વિનંતી છે." પોતાનું નિવેદન પૂરૂ કરી મી. વિલસને બેઠક લીધી.

બચાવ પક્ષનો કેસ રજૂ થતાં રામચંદ્રે સતીશના જણાવ્યા મુજબ સર્વ હકીકત કોર્ટ સમક્ષ કહી. ત્યાર પછી સતીશે સરળતાથી કેસ રજુ કરી જણાવ્યું: "ફરિયાદ પક્ષ તરફથી મી. રામચંદ્ર દવેની ખાનદાની પર પ્રહારો કરવાને કારણે જ આ કેસ રજુ થયો છે. જે આરોપી નથી એવી આરોપીના કોઈ દુશ્મન મારફત આ કાવતરું રચાયેલું હોવું જોઈએ. ચોરોને, જો પકડાય તો, રામચંદ્રની મદદ મળી હતી એમ કહેવાનું સૂચવાયેલું હોવું જોઈએ. ચોરોએ તેમજ કર્યું. આરોપીની પેઢી ખોટમાં ચાલે છે એમ એક સાક્ષીએ જણાવ્યું હતું પણ પેઢીની આર્થિક સધ્ધરતાની શંકા માટે એકકે કારણ નથી. ચોરી કરાવી પૈસા મેળવવા માટે કાવતરું રચવાનો જે આરોપ છે તે તદ્દન વાહિયાત છે.

"જે કાવતરાથી જનતાને ગેરલાભ થાય છે તે કાવતરાંના કર્તાને કોર્ટે સજા ફરમાવવી જોઈએ, એવા વિધાન સાથે હું સહમત થાઉં છું. પણ જેણે કાવતરું કર્યું નથી તેને કાવતરાખોર તરીકે કોર્ટ સજા ફરમાવી શકે નહિ. ખોટા આરોપનો ભોગ બનનાર મી. દવેને યોગ્ય ન્યાય આપવાની હું કોર્ટને અરજ કરું છું." સતીશે નિવેદન પૂરૂ કર્યું.

બીજે દિવસે ચૂકાદો આપતાં ન્યાયાધીશે રામચંદ્ર દવેને તદ્દન નિર્દોષ જાહેર કર્યા.

રામચંદ્રની આંખો હર્ષાશ્રુથી ભરાઈ ગઈ. કારમાં બેસી બન્ને ભાઈઓ ઘરે આવવાને નીકળી પડ્યા.

પુષ્પા અને મીનાક્ષીને મોટાભાઈની નિર્દોષતાના સમાચાર મળી ગયા. હૃદયનો આનંદ મુખ પર સ્મિત રૂપે

પ્રગટ થયો. કાર ઊભી રહી કે તરતજ બન્ને બહેનો કાર પાસે દોડી ગઈ.

"હવે તો બહેન કહી શકીશને ?" કારમાંથી ઊતરતાં સસ્મિત સતીશે પૂછ્યું.

"અવશ્ય. પ્રથમ તમે ખાનદાનીના ખેલના પ્રેક્ષક હતા, પણ હવે તમે ખાનદાનીના રક્ષક બન્યા છો." ભાઈના હાથમાંથી બ્રીફકેસ લેતાં પુષ્પા બોલી.

કૌટુંબિક ભાવનામય સ્મિતમાં રામચંદ્રે પણ સાથ આપવો પડ્યો. ચારે ભાઈબહેનોએ ચૂના અને ઈંટના મકાનમાં નહિ પણ સંપ અને સહુમતથી જ્યાં રહેવાય એવા ઘરમાં પ્રવેશ કર્યો.

---


*Happy Diwali & a Prosperous New Year to all Friends & Relatives*



**RAMESHBHAI K. MORAR and FAMILY**

**2 ESSELEN PARK CENTRE, WORCESTER**



*Diwali Greetings*



from

**HEINS SERVICE CENTRE**

**Mercedes/BMW and all General Repairs**

**come to Shell for answers**

NOLL AVENUE,
ATHLONE INDUSTRIA 7700 Phone 67-9038

# ગાંધી યુગની આદર્શ મહિલાઓ

શ્રીમતી ચંદનબહેન સુરતવાલા (કેપટાઉન)

પ્રત્યેક મહાપુરૂષની મહાનતામાં કોઈ ને કોઈ નારીને પ્રેરણા છુપાયેલી હોય છે. છત્રપતિ શિવાજી મહારાજના જીવનમાં બાળપણથી જ એમની માતા જીજાબાઈ મહાપુરૂષોના પરાક્રમોની વાતો કહેતાં, તેઓના જેવા શૂરવીર ટેકીલા અને મહાન થવાની શુભ આશિષો આપતા અને માતાના એજ સંસ્કારથી ભારતમાં એ મહાન થઈ ગયા.

ગાંધીબાપુની મહાનતા તેમના કુટુંબ અને ઘરમાંથી જ થઈ હતી. કુટુંબ અને ઘરમાં સ્ત્રીનું સ્થાન મહત્વપૂર્ણ હોય છે. આપણા શાસ્ત્રકારોએ સ્ત્રીના જે મુખ્ય ત્રણ રૂપ વર્ણવ્યા છે તેમાં "ભોજ્યેષુ માતા" નું શ્રેષ્ઠ મહત્વ છે.

આહાર અને મહારથી માતા પુત્રના શરીરનું પોષણ કરે છે. ત્થા આચાર અને વિચારથી તેના મનનો વિકાસ કરે છે. સત્ય અને અહિંસાના સૌ પ્રથમ પાઠ ગંધીજી પોતાની માતા પૂતળીબાઈ પાસેથી જ શીખ્યાં હતાં.

પુત્ર મોહનદાસમાં ઉચ્ચ આદર્શોનું સિંચન કરી તેમણે 'જનની ગુરૂણામાં ગુરૂ': 'માતા શિક્ષકોની પણ શિક્ષક છે' એ પંક્તિને સાર્થક કરી છે.

શાસ્ત્રકારોએ નિર્દેશેલા નારીનાં બીજા બે રૂપો - "શયનેષુ રમ્ભા" અને "કાર્યેષુ મંત્રી"ની સાર્થકતા આપણને કસ્તુરબાના જીવનમાં જોવા મળે છે. આત્મ કથામાં બાપુએ પોતાના દામ્પત્ય જીવન અને પત્નીના સહયોગનું સુંદર અને સ્વાભાવિક આલેખન કર્યું છે. પોતાની જીવન સંગિની કસ્તુરબાના અવસાનથી બાપુએ કદી પણ ન પૂરાય એવી ખોટ અનુભવી હતી.

માતા અને પત્ની ઉપરાંત બીજી દેશવિદેશની મહિલાઓ એ બાપુની મહત્તામાં અનેક ઘણો ફાળો આપ્યો છે. શ્રીમતી નાયડુનાં કાવ્યો અને મધુર વાણીથી મુગ્ધ થઈને બાપુએ તેમને "બુલબુલે હિન્દ"નું બિરુદ આપ્યું હતું. મીઠા - સત્યાગ્રહ અને બીજા અનેક આંદોલનોનું નેતૃત્વ શ્રીમતી નાયડુએ સંભાળ્યું હતું.

એજ રીતે તેમના કર્મયોગમાં ભાગ લેવા દોડી આવેલી ભારતની નારીઓમાં વૈભવ, વિલાસમાં ઉછરેલી વિજ્યાલક્ષ્મી પંડિત કરોડપતિ સારાભાઈ કુટુંબની અનસૂયા, રાજકુમારી અમૃતકૌર, સુશીલા નૈયર, ગંગાબહેન વિગેરેના સમાવેશ થાય છે.

બધી જ સ્ત્રીઓ બાપુના સંગમાં ઊંચ-નીચ ત્થા ગરીબ અમીરના ભેદ ભૂલી જઈ કર્તવ્ય-પાલનને સર્વસ્વ ગણતી હતી.

બાપુની મહત્તા માત્ર સ્વદેશી મહિલાઓને જ આધારે નથી વિદેશી મહિલાઓએ પણ તેમને મહાન ગણાવામાં કાંઈ ઓછી શકયતા બતાવી નથી. દક્ષિણ આફ્રિકામાં અને બ્રિટનમાંથી બાપુને વિશેષ નારી સહયોગ સાંપડ્યો હતો.

બાપુને સાબરમતી આશ્રમમાં અનન્ય સહયોગ આપવાનું માન બ્રિટનની એક મહિલા મિસ સ્લેડને ફાળે જાય છે. તે બ્રિટિશ નૌકાદળના એડમિરલ સર એડમંડ સ્લેડની પુત્રી હતી.

ખૂબજ લાડકોડમાં ઉછરેલી કુમારી સ્લેડ બ્રિટનના સભ્ય-સમાજથી અને બંધિયાર જીવનથી કંટાળી ગઈ હતી. ઈ.સ. ૧૯૨૩ માં પોતાના પેરિસના પ્રવાસ દરમિયાન તેણે રોમાં રોલાંએ લખેલું ગાંધીજીનું જીવન-ચરિત વાંચ્યું અને તરત જ તેણે આશ્રમમાં જોડાવા માટે બાપુને પત્ર લખ્યો. બાપુએ તેને આશ્રમ જીવનના નિયમોનું વિગતવાર વર્ણન મોકલી જણાવ્યું કે આ નિયમો પ્રમાણે એક વર્ષ સુધી રહી જોવું અને જો રહી શકાય તો આશ્રમમાં

DIWALI
# Greetings



*G.B. Patel & Family & P.J. Patel & Family*

**ESQUIRE PRESS (PTY.) LTD.**

MARK OF QUALITY

**HEIN ROAD, ATHLONE INDUSTRIA**



# Diwali Greetings



## grassy park pharmacy

MR. & MRS. R. M. RANCHOD
& MRS. M. RANCHOD

Busy Corner Centre,
Victoria Road, Grassy Park — Phone: 72-8346



નૂતન વર્ષ નૂતન આશા મંગલ ઉમંગ વ્યાપો
સમાજ સેવા કરી શાન્તી સદા સ્થાપો
રૂડા કાર્યો કરી જગમા રહો કીર્તિ ફળો
આશા બહુ સુખ સંપતિ પામો
અમારા અંતરની એજ અભિલાષા

## કેઈપ હિન્દુ મહિલા મંડળ



જોડાઈ જવું. બાપુના નિર્દેશ મુજબ આશ્રમ જીવનને અનુરૂપ થવા માટે તે સ્વિટઝરલેન્ડના એક ખેડૂત કુટુંબમાં રહેવા ચાલી ગઈ અને ઈ. સ. ૧૯૨૫માં ભારત જઈ આશ્રમમાં જોડાઈ ગઈ. આશ્રમ-જીવન પ્રત્યે તેની અપાર આસ્થા, અથાગ ઉત્સાહ અને અસીમ અનુરાગ જોઈ બાપુએ પોતાની શિષ્યા તરીકે તેનો સ્વીકાર કર્યો અને તેને 'મીરાં' એવું નવું નામ આપ્યું.

સાબરમતી આશ્રમમાં જ્યારે જ્યારે બાપુની સેવા કરવાની મીરાંને તક મળતી, ત્યારે તેના આનંદની અવધિ ન રહેતી. બાપુ આશ્રમ છોડીને બહાર જતા ત્યારે તે ખૂબ ઉદાસ બની જતી અને બાપુને એક પછી એક પત્રો લખ્યા કરતી. પત્રોના જવાબ ન મળે તો તાર કરતી. કેટલાંક વર્ષો પછી તે જ્યારે અમેરિકા ગઈ ત્યારે અમેરિકાના લોકોને તેણે કહેલું, "તમારો ઈશ્વર ઈશુ ખ્રિસ્ત છે, તેમ મારો ભગવાન ગાંધીજી છે."

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં કુમારી મીરાંનું નામ આગળ પડતી મહિલાઓમાં જોવા મળે છે. ૧૯૪૨ની "ભારત છોડો" ચળવળથી માંડીને દેશની સ્વતંત્રતા સુધી તે બાપુના આદર્શોનું અનુસરણ કરતી રહી.

પોતાના ગામના મહારો આપી તે બાપુને પ્રાર્થનામાં અને સભાઓમાં લઈ જતી. ભારત સ્વતંત્ર થયા પછી બાપુનું સમર્થન મેળવી ઋષિકેશની શાંત ગોદમાં તેણે પોતાનો આશ્રમ ખોલ્યો અને ગૌસેવાનું કાર્ય બજાવતી રહી. બાપુની હત્યાના સમાચાર જ્યારે તેણે રેડિયો પર સાંભળ્યા ત્યારે તેનું હૈયું ખૂબજ ભરાઈ આવ્યું અને હિમાલયનાં ઉન્નત શિખરો સામે જોઈ તે ગદગદિત સ્વરે બોલી હતી, "આટલા દિવસ સુધી મારી આસ્થાનાં બે કેન્દ્રો હતાં - એક ઈશ્વર અને બીજા બાપુ. હવે બંને એક બની ગયા છે."

દેશવિદેશની અનેક નારીઓએ પોતાનો બહુમુલ્ય ફાળો આપી બાપુને મહત્તાના સર્વોચ્ચ શિખર પર બિરાજમાન કર્યા છે.



Diwali Greetings and Best Wishes for the Bright New Year



Mr. & Mrs S. Ramjee and Family
of
**PROGRESS RADIO & T.V.**
Main Road, Claremont.

*Diwali Greetings*



from

*DIRECTORS AND STAFF*

# FILMFARE INTERNATIONAL

***MOTION PICTURE DISTRIBUTORS***

**NOW ALSO OFFERING A COMPLETE FILM CENSORING FACILITY IN LUXURIOUSLY APPOINTED FULLY FITTED AIR CONDITIONED PREVIEW THEATRE.**

FILMFARE CENTRE,
MABEL ROAD,
RYLANDS ESTATE 7764,
ATHLONE.

PHONE: 67-4150
CABLES: "TOPCROP"
ATHLONE.


...હવે રહેવા દો! તમે સમજદાર નાગરિક હોત તો તુરત ઉભા થઇ જઇને મારી પત્નીને બેસવાની જગ્યા આપી હોત..!


મારા દિલ પર તો તારો અધિકાર ખરો જ.. પણ એથી ય વધારે મારા ખીસ્સાં પર તારો હક્ક પહેલો તેથી હૃદયની સાથે સાથે ખીસ્સાં પર પણ તારું નામ લખાવી રાખ્યું છે...'


...છે ને...! તમારા જમાઇ ઘરમાં જ છે.. બા...!! પણ ન્હાવા બેઠા છે..એટલે ફોન પર નહીં આવી શકે.. પણ તમને પ્રણામ કહ્યા છે...!!





*Diwali Greetings*

from

**Mr. & Mrs. I. T. GIHWALA AND FAMILY**

**18 Doreen Road, Rylands Estate 7764.**

**Prop. of**

# GIHWALA'S EASTERN GEM PRODUCTS

**WHOLESALE & GENERAL SPICE MERCHANTS**

**DIRECT IMPORTERS, MANUFACTURERS AND PREPACKERS**

## COLORCHARM QUALITY PAINTS & ADHESIVES

# BRACFLEX PACKAGING COMPANY

**FOR ALL YOUR PACKING REQUIREMENTS**

# SUPERIOR SILENCERS

Fitters of Famous Brand Silencers

Monzas and Stainless Steel Grapnel Silencers

**CLAUDE ROAD, ATHLONE INDUSTRIA No. 1**

**TELEPHONES: 67-3366, 67-1942**

**TELEPHONE RESIDENCE: 67-2088**

# સ્ત્રીના જીવનમાં કેળવણીનું સ્થાન

લેખિકા : મંજુલાબહેન નટવરલાલ (કેપટાઉન)

સ્ત્રીના જીવનમાં કેળવણી મેળવવી ઘણી જ જરૂરી છે. પહેલાંનાં જમાના કરતા અધિક જરૂરિયાત આજે જણાય છે. અને એને માટે માતા પિતાએ તૈયાર રહેવું જોઈએ.

પહેલાના જમાનામાં આપણા વડીલોનું માનવું હતું કે, દીકરીઓ ને ભણતરની જરૂર નથી, ઘરકામની કેળવણી મળે તેટલું બસ છે. એ તો પરણીને સાસરે જશે. એટલે છોકરીઓ નિશાળે બિલકુલ ના જતી. આ પ્રમાણે સ્ત્રીઓ શિક્ષણથી વંચિત રહી. દીકરી જન્મે ત્યારથી પરણે ત્યાં સુધી મા-બાપના રક્ષણ હેઠળ રહે છે. દશ - બાર વર્ષની ઉંમર થાય, ત્યારે સારું ઘર અને સારો વર જોઈ તેના લગ્ન કરવામાં આવતા. જો કે આમાં પણ વર કરતાં ઘર અને કુટુંબ પર જ વધારે ધ્યાન અપાતું. દીકરી ઉંમર લાયક થાય ત્યારે તેને સાસરે મોકલતા, ત્યાર પછીની તેની બધી જવાબદારી તેના પતિ પર આવતી, અને એનું રક્ષણ કરવાની ફરજ તેના પતિની ગણાતી. એના ઘડપણમાં એનો દીકરો એનું રક્ષણ કરતો. એટલે ત્યારના જમાનામાં સ્ત્રીઓ માટે પગભર થવાની જરૂર જણાતી નહિ.

દિવસે દિવસે વખત બદલાતો ગયો. છોકરીઓના લગ્નની મુદત વધતી ગઈ. અમુક વર્ષની ઉંમર પછી તેઓના લગ્ન કરી શકાય, એવો કાયદો પ્રસાર થયો, માતા-પિતાએ દીકરીઓને થોડું થોડું શિક્ષણ આપવા માંડ્યું. છોકરીઓ સારું કન્યાશાળાઓની સ્થાપના થઈ અને છોકરીઓને ભણવાનો મોકો મળ્યો. શરૂઆતમાં તો છોકરીઓ ચારથી પાંચ ધોરણ સુધીનો જ અભ્યાસ કરતી, જેથી તેઓ વાંચી લખી શકે. ધીરે ધીરે છોકરીઓની જિજ્ઞાસા વધતી ગઈ અને તેઓ વધુ ને વધુ શિક્ષણ મેળવવા લાગી.

આજના જમાનામાં દીકરીઓને કેળવણી આપવી કે નહિ. એ પ્રશ્ન જ ઉભો નથી થતો. મા-બાપો પોતાના દીકરાઓને ભણાવે છે. તેમજ પોતાની દીકરીઓને પણ ભણવાનો મોકો આપે છે. અને પોતાના બધા જ બાળકોના ભણતર માટે ઘણો ઘણો ભોગ પણ આપે છે. જેથી તેમના બધા બાળકો ભણીને પગભર બની શકે.

જો છોકરીઓને તેના લગ્ન પહેલા ગમે તે ક્ષેત્રમાં પગભર કરી શકાય તો તે ઘણું ઈચ્છનીય છે. જેથી ભવિષ્યમાં જરૂર પડે, તો તે પોતાના કુટુંબને આર્થિક રીતે મદદ કરી શકે, અને જરૂર પડે તો પોતાનો નિર્વાહ પણ કરી શકે. અમુક કારણવશાત જો છોકરીઓ લગ્ન પહેલા ગમે તે ક્ષેત્રમાં તાલીમ મેળવી પગભર ના બની શકે હોય તો તેણે લગ્નબાદ ગમે તે ક્ષેત્રમાં પ્રવીણતા મેળવી પગભર બનવું જોઈએ. જેથી જરૂર પડે તો પોતાના પતિને આર્થિક રીતે મદદ કરી શકે. તેવા આ કામમાં પતિઓએ બને તેટલી મદદ કરવી, પોતાની ફરજ સમજવી જોઈએ, અને તેને સાચું માર્ગદર્શન આપવું જોઈએ. લગ્નબાદ બાળકોના ઉછેરનું કામ પણ ઘણું જ અગત્યનું છે. દુનિયાના બધા કામોમાં આ કામને પણ ઘણું મહત્વ અપાયું છે. અભણ માતાઓ કરતા, ભણેલી માતાઓ આ કામ વધુ સારી રીતે કરી શકે છે. પોતાના બાળકોને તે ઘણી મદદરૂપ થઈ શકે છે. અને તેઓના ભવિષ્ય સારી રીતે ઘડી શકે છે.

તમે જો દીકરીના મા-બાપ બનવાને ભાગ્યશાળી થયા હો તો તમારા દીકરાઓને ભણાવીને ડોકટર બનાવવાના સ્વપ્ન સેવો છો. ત્યારે દીકરીઓને ભૂલશો નહિ, તેઓને પણ પગભર બનાવવાની તમારી ફરજ ચૂકશો નહિ.

# ચચચ ચ ચચચ

રજૂ કરનાર : પ્રીતિબાલા વિનયચંદ્ર પટેલ
ધોરણ રજુ: શ્રી વૈદિક ગુજરાતી શાળા
પીટરમેરિટ્સબર્ગ

મને ચકલીનો ચ કહો કે, ચમચાનો ચ કહો , કે ચક્રમનો ચ કહો, પણ હું ચ પ્રયોજને ? તો મારી ચોખ્ખાઈની વાત તો જરા ધ્યાનથી સાંભળો.

ચોખ્ખું શરીર સૌને ગમે ,
ચોખ્ખાં કપડા સૌને ગમે ,
ચોખ્ખાં ઘર સૌને ગમે ,
ચોખ્ખાં બાળક સૌને ગમે

--------------------------

ચોખ્ખાં રાખું હાથ ને ,
ચોખ્ખાં રાખું પગ ,
ચોખ્ખાં સૌ કોઈ હોય તો ,
ચોખ્ખું આખું જગ

---


*Wishing all friends, associates and the family*

A JOYOUS DIWALI & PROSPEROUS NEW YEAR



**MANILAL & LUXMIBHEN GIHWALA & FAMILY**

"SAI NIVAS", 101 REPULSE ROAD,
RYLANDS ESTATE, ATHLONE — PHONE 67-7069



દિવાળી અને નૂતનવર્ષના અભિનંદન



દિવાળીના દીપકો સર્વે
સ્નેહીજનો અને મિત્રવર્ગના
જીવનમાં નૂતન-પ્રકાશ પાડો
એવી અભ્યર્થના........

રામચંદ્ર કોવિદ...
ભગવતી રામચંદ્ર.

# કંઈયે ફના તો થઈ ગયા

લેખિકા: લક્ષ્મીબહેન એમ પટેલ
બીનોની ટ્રાન્સવાલ

જગતને જીતનારાઓ જગતથી હારીગયા,
અને હારજીતની એ બાજીમાં કંઈયે ફના તો થઈ ગયા.

જામ ઝાલ્યો હતો હાથે અમૃત ગણીને પી રહ્યા,
એક, બે અને ત્રીજે ઘૂંટડે કંઈયે ફના તો થઈ ગયા.

વિચાર્યું હતું ઘણું પણ આચારમાં મૂક્યું નહિં,
આચાર વિચારની એ ગડમથલમાં કંઈયે ફના તો થઈ ગયા.

પકડ્યું પૂછડું ગધેડાનું છોડ્યું છૂટ્યું એ નહિં,
અને એ ગધેડાની લાતમલાતે કંઈયે ફના તો થઈ ગયા.

યુવાન ગણાયા એકદિ ભલાઈ લૂંટી ના શક્યા,
પણ બુરાઈનો બદલો લેવા જતાં કંઈયે ફના તો થઈ ગયા.

લક્ષ્મીપતિઓ લક્ષ્મીની લેવડદેવડમાં મચી રહ્યા,
મદમાં અંધ થઈને ઉડાવતાં કંઈયે ફના તો થઈ ગયા.

મંઝીલે પહોંચી જવા મહેનત કરી ઘણી હોંશથી,
એ મંઝીલે પહોંચતાં પહેલાં કંઈયે ફના તો થઈ ગયા.

મારું મારું બહુ કર્યું કંઈયે જગમાં નથી કોઈનું
મારું તારું નો ઝગડો મચાવી કંઈયે ફના તો થઈ ગયા.

'લક્ષ્મી' કહે આ જમાનામાં જીવવું મુશ્કેલ છે,
પ્રભુની ભક્તિ કરી છતાંયે કંઈયે ફના તો થઈ ગયા.

# નિર્દોષ બાળકો.

લેખીકા:
રૂક્ષ્મણીબેન ગણેશભાઈ.

બાળક સ્વભાવે પ્રવતિમય હોય છે. તે કદીએ નિષ્ક્રિય રહેવાનું પસંદ કરતુ નથી. એની પ્રવૃતિઓને જો યોગ્ય માર્ગદર્શન અને વળાંક આપવામા આવે તો તે જરૂરથી તેજસ્વી થાય. પણ એની પ્રવૃત્તિ અને પ્રગતિને રૂંધવામાં આવે તો એ મુંઝવાય છે.

બાળક પોતાના માબાપ પાસેથી પ્રેમભર્યાં અને ન્યાયી વર્તનની આશા રાખે છે. તેને બદલે જો તેના તરફ અન્યાયી વર્તન રાખવામાં આવે તો તેનું માનસ વિકૃત થાય છે, અને પરિણામે મુંઝવતું થાય છે. ઘણીવાર બાળકને સમજ પડતી નથી કે તેની પ્રવૃત્તિમાં શું ખોટું છે કે તે માટે તેને સહન કરવું પડે છે.

શિક્ષા અને ટીકા કરતાં, પ્રેમ અને વખાણ હંમેશાં વધુ લાભદાયી નીવડે છે. એટલે માબાપની એ પવિત્ર ફરજ છે કે તેમણે બાળક જે કંઈ કરે, તેનું બારીકાઈથી અવલોકન કરી, અને જ્યાં જરૂર પડે ત્યા યોગ્ય માર્ગદર્શન આપે.

એકવાર પડેલી કુટેવ બાળકના જીવનમાં આગળ જતાં અનેક આફતો નોતરશે અને સારી ટેવોથી સમાજના જવાબદાર નાગરિક બનશે, માટે બાળકોમાં સારી ટેવ પડે તેવું વાતાવરણ તૈયાર કરવું જોઈએ.

# ઉમદા કુટુંબભાવના

લેખક: ધીલાભાઈ રણછોડજી

કેપટાઉન

માણેકલાલ કાકાની આજે એંશી વર્ષની ઉંમર થઈ. દીકરો અને દીકરાની વહુ આજે હયાત નથી પરંતુ દીકરાના પાંચ દીકરા, તેમની વહુઓ અને તેમના પુત્રપુત્રીઓ મળીને લગભગ ૩૬ માણસોનો પરિવાર છે. મિલ્કતમાં તો વહેંચવાનું એકજ માત્ર ઘર છે. પાંચે પૌત્રને ભણીગણીને ધંધે વળગાવ્યા અને પોતાના પરિવાર સાથે અલગ રહેવા લાગ્યા, એટલે માણેકલાલ કાકા દરેક પૌત્રના ગૃહે બબ્બે ને ત્રણ ત્રણ માસ રહે. એક વિશાળ વડલાની માફક પથરાયેલા કુટુંબને જોઈને તેઓ ઈશ્વરનો અપાર મહિમા અનુભવે.

એક સરખા દિવસો કોઈના પસાર થતાં નથી. વેળાવેળાની તડકી છાંયડીનો સંસારમાં અનુભવ કરવો પડે છે. સૌથી મોટો પૌત્ર હાર્ટ એટેકથી મરણ પામ્યો અને તેની વિધવા પોતાની બે પુત્રીઓ સાથે પિયરમાં જઈને રહી. આફત આવે છે, ત્યારે ચારે બાજુથી આવે છે. માણેકલાલ કાકાને મોટા પુત્રના મરણનો આઘાત હજુ શમ્યો ન હતો, ત્યાં તો નાનો પુત્ર મગજની અસ્થિરતાને લીધે એકાએક ક્યાંયે ચાલી ગયો, અને તેની પત્નિ ત્થા કુટુંબની જવાબદારી આવી પડી. હજી કાળને એક ફટકો મારવાનો બાકી હતો. તે બીજે વર્ષે ત્રીજા પુત્રે તેલના સટ્ટામાં દેવાળુ કાઢ્યું અને લેણદારોને શું મોઢુ બતાવવું, એ બીકે તે પણ એકાએક ગુમ થઈ ગયો. બિચારા કાકા ઉપરાઉપરી કાળના આ પ્રહાર સહન કરી શક્યાં નહિં અને એક રાત્રે તે સૂતા પછી ચિરનિદ્રામાં પોઢી ગયા.

ચોથો પુત્ર ભણીગણીને ડોકટર થયો. પોતાની પત્નિ અને બાળકો સાથે જુદો રહેતો હતો, અને ડોકટરી પ્રેકટીસ સારી રીતે ચાલતી હતી. છિન્નભિન્ન થઈ જતા પરિવારને સંભાળી લેવાનો તેણે નિશ્ચય કર્યો. દાદાના બારમા-કારજ પછી તેલના સટ્ટામાં મિલ્કત ખોઈ નાખી દેવાદાર બની ગયેલા ભાઈની તેણે શોધ કરવા માંડી. એક નજીકના ગામથી તેને સમજાવી ઘેરે લાવ્યો, અને લેણદારોની થોડી રકમ ચૂકવી, બાકીની રકમના ખાતા પડાવી પાછો ધંધે વળગાવી દીધો.

મોટા ભાઈની વિધવા પત્નિ તેના પિયર બે પુત્રીઓ સાથે રહેતી હતી, એટલે ડૉક્તર તેને મળવા ગયા. ભોજાઈના મા-બાપ ને મળ્યા ને વાતચીત કરી કે, પોતે છ હજાર રૂપિયા પોતાની ભાભી અને બે ભત્રીજીઓના નામે મૂકવા ઈચ્છા ધરાવે છે. ડોકતરની આ ઉદારતા જોઈને વેવાઈ પણ ખુશ થયા, અને તેમણે પણ છ હજાર જેટલી રકમ પોતાની પુત્રીને આપવા કબુલ કર્યું. ભાઈના વીમાની પાંચ હજારની રકમ સાથે કુલ રકમ લગભગ સત્તરથી-અઢાર હજાર રૂપિયાની રકમ આમ બેંકમાં ફીક્ષ ડીપોઝીટના ખાતામાં મૂકી ભાભીને જીવારા પૂરતાં દર માસે સવા સો રૂપિયા વ્યાજમાંથી મળી રહે એવી જોગવાઈ કરી આપી.

નાનો ભાઈ મેટ્રીકની પરીક્ષા પાસ કર્યા પછી હાટડીએ બેસતો થયો, તેને આ સમય દરમ્યાન ડોકટરે દુકાન બંધ કરાવી બી. કોમ સુધી ભણાવ્યો અને બેંકમા નોકરીએ વળગાડી દીધો. આ કાળની પછડાટો સામે અસ્તિત્વ ટકાવી રાખવા ડોકટરે ભગીરથ પ્રયાસ કર્યાં, પરંતુ તેમના મગજ પર હજી ભાર ખસતો ન હતો. મગજની અસ્તિરતાને લીધે ભાગી ગયેલા ભાઈને શોધી તેના પરિવારને વ્યવસ્થિત કરવાની વાત હજી તે ભૂલ્યા ન હતા. જ્યાં જ્યાં સગાવહાલા કે મિત્રો હતા, ત્યાં ત્યાં તેઓ અવરનવર પત્રો લખ્યાજ કરતા. છેવટે એક દિવસ એના એક મિત્રનો પત્ર દૂરના શહેરથી આવ્યો, તે વાંચી તરત તે મિત્રને ત્યાં જવા તૈયાર થયો. મિત્રના પત્ર મુજબ દર્શાવેલા સ્થળે તે ડોકટર જઈ પહોંચ્યો અને માનવસમુદાય વચ્ચે પોતાના ભાઈને ઓળખી

## દિવાળી અને નવા વર્ષના અભિનંદન

દિવાળીનું મંગળ પર્વ આપને આનંદદાયક નીવડે, અને નવું વર્ષ આપને તથા આપના કુટુંબને સદકાર્યો કરવાં વધુ પ્રેરિત કરે અને આપની મનોરથો પૂર્ણ થાસો એજ અભિલાષા.

ગણેશભાઈ પી. લાલા અને રૂકમણીબહેન ગણેશભાઈ

81 FLAT RD RYLANDS ESTATE

## GREETINGS

**DR & MRS K DEVA and FAMILY**

60 Tussen Road, Rylands Estate

## દિપોત્સવી અભિનંદન



બાબુભાઈ નાગર કુંવરજી
અને
સહકુટુંબ

33 PARK ROAD,
WYNBERG, CAPE

કાઢયો. બંને ભાઈઓ એક બીજાને ભેટયા ને ખૂબ રડયા. લાગણી-નો ઉભરો શમતાંજ બંને ભાઈઓ વતન પાછા આવ્યા અને ફરીથી એક વખત સમગ્ર પરિવાર કલ્લોલ કરવા લાગ્યું.

હવે બધા ભાઈઓ કરીને કામ થવા લાગ્યા. ડોકટરે પોતાના ભાઈઓ તરફની જવાબદારી અદા કરી હતી, અને ભાઈઓ પણ તેમના તરફનું પોતાનું ઋણ સમજતા હતા, પણ ભાગ્યનું ચક્ર કદી સ્થિર રહેતું નથી. કાળ તેનું કાર્ય કર્યાજ કરે છે. કુટુંબને ટકાવી રાખવા માટે તેમણે કરેલા પરિશ્રમ અને વેઠેલો માનસિક પરિતાપ તેમના તબીયત માટે હાનિકારક નિવડયો. ડોકટર મનમાં સમજી ગયો કે શરીર અને મને ગજા ઉપરાંત કાર્ય કર્યું છે. પોતાની પત્નિ અને બાળકો માટે તેમણે શહેરને મથાળે એક સુંદર મકાન રાખ્યુ અને બાળકોને ભણવાને જોગવાઈ કરી. બુઝાતો દીપક છેલ્લે છેલ્લે વધારે પ્રકાશ આપે છે તે તેના સ્વ-ભાવમાં બનવા લાગ્યું. ઉદારતા, પ્રેમ અને પ્રામાણિકતા તેમના જીવનમાં ઘણા ઘણે વર્તાવવા લાગ્યાં. છેલ્લે છેલ્લે ઈનકમટેક્ષની ઓફિસમાં જઈ પોતાની આવકના સાધનો અને આવકની ચોખ-વટ પણ કરી આવ્યાં. ઈનકમ ટેક્ષના ઓફિસર તેમની પ્રામા-ણિકતા પર વારી ગયા અને તાત્કાલિક નિકાલ કરી આપ્યો.

એક દિવસ દરદીને તપાસીને આવતાંજ રસ્તામાં તે ચાલતાં ચાલતાં ઢળી પડયા અને તેમનું પ્રાણ પંખેરૂં ઊડી ગયું, ત્યારે તેમના પરિવારે, સગાવહાલાએ, મિત્રોએ તેના સંપર્કમાં આવી ગયેલા તમામે જે વિલાપ કર્યો છે, અને દિવસો સુધી વાતાવરણમાં શોકના જે ઓળા ઉતરતા રહ્યા છે, તેનું વર્ણન શકય નથી.

પોતાના ભાઈઓ અને પરિવાર માટે પોતાની તમામ શક્તિ રેડી કુટુંબભાવનાનું જ્વલંત ઉદાહરણ ડોકટરે સમાજને પૂરૂ પાડયું.


*Best Wishes to all Friends and Business Associates*



**Acme**

**CLEANERS + LAUNDERERS**

HEIN ROAD, ATHLONE INDUSTRIA

THAKOR G. BHIKA & FAMILY
NAGIN G. BHIKA & FAMILY

Phone 67-1626 (Bus.) 67-3384 (Res.)



*from*

**MRS SOMIBHEN SUKHA & FAMILY**
**MR JERAM SUKHA & FAMILY**

24-26 NOLL AVENUE, HATTON ESTATE, CAPE



*Wishing all our Customers*
*a Happy Diwali*

**N. M. F. FOOTWEAR SALES**

P.O. BOX 4828 CAPE TOWN Phone: 43-4145

REP. FOR

**PRIDE STYLE SHOES**
**RICHLEIGH SHOES**
**SOUTHCOAST SHOES**

DIRECTORS: S. C. Margolius S. E. Margolius





**NATVERLAL & MANJULA N. PATEL**
**CHOTUBHAI & PADMA N. PATEL**
**& FAMILIES**

132 St George's Street
Simonstown

Phone
86-1388

# જીવનની ત્રણ જ્યોતિ

સંપાદક : અંબિકાબહેન છગનલાલ દયારામ
(કેપટાઉન)

ત્રણ કોઈની રાહ જોતા નથી,
સમય, મૃત્યુ અને ગ્રાહક.

ત્રણ વસ્તુ જીવનમાં એક વાર મળે,
મા, બાપ અને જુવાની.

ત્રણ ગયા પછી પાછાં મળતાં નથી,
તીર કમાનથી, વાણી જીભથી અને પ્રાણ દેહથી.

ત્રણ ઉપર હંમેશા પરદો રાખો
ધન, સ્ત્રી અને ભોજન.

ત્રણથી બચવા પ્રયત્ન કરવો,
ખોટી સંગત, સ્વાર્થ અને નિંદા.

ત્રણ ઉપર મન લાગવાથી પ્રગતિ થાય,
ઈશ્વર, મહેનત અને વિદ્યા.

ત્રણને કદી ભૂલશો નહિ,
દેવું, ફરજ અને માંદગી.

ત્રણ વ્યક્તિનું સદા સન્માન કરવું,
માતા, પિતા અને ગુરૂ.

ત્રણને હંમેશા વશમાં રાખો,
મન, કામ અને લોભ.

ત્રણ વ્યક્તિ પર હંમેશા દયા કરો,
બાળક, ભૂખ્યા અને અપંગ



# દિવાળીનાં દિવસે આવજો

લેખક: પંડિત વિનયચંદ્ર બી. પટેલ
આચાર્ય : શ્રી વૈદિક ગુજરાતી શાળા PIETERMARITZBURG.

આવજો આવજો રે !
તમે દિવાળીના દિવસે આવજો રે ! (ટેક)

આંગણે આંગણે દીવડાઓ બળતા
ફટાકડા તો ફટ ફટ ફૂટતા,
બાળકનાં હૈયા રીઝાવતા રે ! .........તમે દિવાળીને

ભાત ભાત રંગના સાથિયા પુરાય છે,
હિન્દુ ગૃહ - બારણે તોરણો ઓહાય છે,
હૃદય - કમળો તો વિકસિત થાય છે રે ! ....તમે દિવાળીને

'સરસ્વતી' ને 'લક્ષ્મી'ના પૂજન થાય છે,
દીપ નૈવેદ્યથી થાળો સુહાય છે,
લક્ષ્મી શાન સમાજમાં વધારજો રે ! .....તમે દિવાળીને

માતા - પિતા - વડીલોને વંદન કરાય છે,
વિદ્યા, વિનય, પ્રેમ, ઉરમાં ઉભરાય છે,
'નૂતન-વર્ષ મુબારક' મનાય છે રે .....તમે દિવાળીને

ભારતની સંસ્કૃતિ આજે દેખાય છે,
ભારતભોમ - ઝંડાનું માન કરાય છે,
ધન્ય જીવન 'સાઉથ'માં થાય છે રે ....તમે દિવાળીને

---

સરસ્વતી = વિદ્યાની દેવી * લક્ષ્મી = ધનની દેવી * સાઉથમાં = દક્ષિણ આફ્રિકામાં

# *Diwali Greetings*

*from*

*THE DIRECTORS & STAFF OF*

**STORK LITRE &**
**STORK BIG 10**

***FOR THAT GLOW OF HEALTH***

***Also available in***

**STORK PARTY SIZE**

**STORK BEVERAGES**

**FOR ORDERS PHONE: 67-7161**
**AFTER HOURS: 69-4901**

**COR. CARBON and HEIN ROAD,**
**ATHLONE INDUSTRIA N.o 2**



# FELIX'S

## BODY WORKS

### ATHLONE'S LEADING PANELBEATERS

- FREE QUOTATIONS
- FREE BREAKDOWN SERVICE
- FREE PARKING

**SERVICE 24 HRS. A DAY**

PHONE 67-1223/4 HEIN ROAD ATHLONE INDUSTRIA

PRINTED BY ESQUIRE PRESS, HEIN ROAD, ATHLONE INDUSTRIA NO. 1 PHONE 671260/1

*Wishing our Hindu friends and customers a Happy Deepavali and a Prosperous New Year*



from

# CORNER HOUSE

(WHERE CAPE TOWN SHOPS)

*THE PIONEER OF '2 FOR THE PRICE OF ONE' SHOP*

**Branches at**

**KLIPFONTEIN ROAD, ATHLONE** — **PHONE 67-4005**
**VICTORIA ROAD, MOWBRAY** — **PHONE 65-6997**
**461/463 ALBERT ROAD, SALT RIVER** — **PHONE 47-3960**